" બુધવારની સાપ્તાહિક પૂર્તિ "
ઉત્સવ

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-272 | AD-2026, Jeth Vad -08 | Wednesday, Dt. 08-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## અમદાવાદમાં વર્ષ ૨૦૦૮માં થયેલા શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટમાં હાઈકોર્ટનો ઐતિહાસિક ચુકાદો

# ૩૮ આરોપીઓને ફાંસી, ૧૧ને આજીવન કેદની સજા યથાવત

અમદાવાદ,તા.૦૭

અમદાવાદમાં વર્ષ ૨૦૦૮માં થયેલા શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટ કેસમાં હાઈકોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપતાં નીચલી અદાલતનો નિર્ણય યથાવત રાખ્યો છે. અદાલતે દોષિતોની તમામ અપીલો ફગાવી દીધી છે અને ૩૮ આરોપીઓને ફાંસી તેમજ ૧૧ આરોપીઓને આજીવન કેદની સજા યથાવત રાખી છે. સાથે જ વિસ્ફોટમાં જીવ ગુમાવનારા તમામના પરિવારને ૧૦ લાખ રૂપિયા, ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા લોકોને ૫ લાખ રૂપિયા અને સામાન્ય ઈજાગ્રસ્તોને ૧ લાખ રૂપિયા વળતર ૩૧ માર્ચ ૨૦૨૭ સુધીમાં ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ કેસમાં અમદાવાદ સિટી સેશન્સ અદાલતે ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ ઐતિહાસિક ચુકાદો આપીને એકસાથે ૩૮ આરોપીઓને ફાંસી અને ૧૧ આરોપીઓને આજીવન કેદની સજા સંભળાવી હતી. ત્યારબાદ રાજ્ય સરકાર દ્વારા ફાંસીની સજાની પુષ્ટિ માટે હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી, જ્યારે દોષિતોએ પણ સજા સામે અપીલો દાખલ કરી હતી. લાંબી સુનાવણી બાદ હાઈકોર્ટે હવે તમામ અપીલો ફગાવીને નીચલી અદાલતનો ચુકાદો યથાવત રાખ્યો છે.





૨૬ જુલાઈ ૨૦૦૮ના રોજ અમદાવાદ શહેરના ૨૦ અલગ અલગ સ્થળોએ ૨૧ શ્રેણીબધ્ધ બોમ્બ વિસ્ફોટ થયા હતા. આ ભયાનક ઘટનામાં ૫૬ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યો હતો અને ૨૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી દીધો હતો. નોંધનીય છે કે નીચલી અદાલતે પણ મંગળવારે જ સજા સંભળાવી હતી અને હાઈકોર્ટનો ચુકાદો પણ મંગળવારે જ આવ્યો છે. ચુકાદાને ધ્યાનમાં રાખીને હાઈકોર્ટ પરિસરમાં કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. કોર્ટમાં પ્રવેશતા તમામ લોકોની તપાસ કર્યા બાદ જ અંદર જવા દેવામાં આવતા હતા. બેગ અને અન્ય સામાનની ચકાસણી કરવામાં આવી હતી તેમજ વિસ્ફોટક શોધ દળ દ્વારા સમગ્ર પરિસરની તપાસ હાથ ધરવામાં આવી હતી. કોર્ટની અંદર અને બહાર મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ તહેનાત રાખવામાં આવ્યા હતા.

### રાજ્ય સરકાર પીડિત પરિવારોને વળતર ચુકવશે

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે કોર્ટે બ્લાસ્ટમાં જીવ ગુમાવનારાના પરિવારજનોને રૂ.૧૦ લાખ તથા ઘાયલોને રૂ.૫ લાખની સહાય આપવાનો આદેશ કર્યો છે. તેમણે કહ્યું કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર આ સહાયના ચુકવણાનો તાત્કાલિક અમલ કરશે.

જે અદાલતમાં ચુકાદો જાહેર થયો ત ેની બહાર પણ વિશેષ સુરક્ષા ગોઠવવામાં આવી હતી. ચુકાદા દરમિયાન કોર્ટ રૂમમાં સંપૂર્ણ શાંતિનો માહોલ રહ્યો હતો. ચુકાદો જાહેર થયા બાદ ઉપસ્થિત વકીલો અને અન્ય લોકોએ એકબીજા સાથે ચર્ચા કરી અને ત્યારબાદ શાંતિપૂર્વક કોર્ટ પરિસરમાંથી બહાર નીકળ્યા હતા. આ ચુકાદા સાથે દેશના સૌથી ગંભીર આતંકી હુમલાઓમાંના એક કેસમાં લાંબી કાનૂની પ્રક્રિયાનો મહત્વપૂર્ણ તબક્કો પૂર્ણ થયો છે.

# જયપુરમાં ટ્રેલરે ફુગ્ગા વેચતા પરિવારને કચડી નાખતા ૪ લોકોના કમકમાટીભર્યા મોત

જયપુર, તા. ૭

જયપુરના હીરાપુરા ૨૦૦ ફૂટ રોડ પર એક ઝડપી ટ્રેલરે ફુગ્ગા વેચતા પરિવારને કચડી નાખતાં ત્રણ બાળકો સહિત ચાર લોકોના કરુણ મોત નીપજ્યા છે, જ્યારે એક વ્યક્તિ ઘાયલ થયો છે.



અકસ્માતને પગલે ઘટનાસ્થળે ભારે હોબાળો મચી ગયો હતો. પોલીસે તાત્કાલિક પહોંચીને બચાવ કામગીરી હાથ ધરી હતી.

### શ્રી ગંગાનગર જિલ્લામાં અકસ્માતમાં ત્રણ લોકોના મોત

બીજી તરફ, વહેલી સવારે શ્રીગંગાનગર જિલ્લામાં સુરતગઢ નજીક NH-62 પર એક ખાનગી એમ્બ્યુલન્સ ટ્રકને ઓવરટેક કરતી વખતે સામેથી આવતા આર્મી વાહન સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં લક્ષ્મી દેવી, ડ્રાઈવર સતનામ સિંહ અને મહેન્દ્ર કૌર સહિત ત્રણ લોકોના મોત થયા છે, જ્યારે અન્ય બે લોકો ઘાયલ થયા છે. એમ્બ્યુલન્સમાં જયપુર હોસ્પિટલમાંથી રજા મેળવેલી મહિલા દર્દીને ઘરે લઈ જવાઈ રહી હતી. સેનાએ પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી તપાસમાં વહીવટીતંત્રને સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી આપી છે.

# દિલ્હી હાઈકોર્ટે કોકરોચ જનતા પાર્ટીનું 'એક્સ' હેન્ડલ પુનઃસ્થાપિત કરવા કેન્દ્રને સૂચના આપી

નવી દિલ્હી, તા. ૭

દિલ્હી હાઈકોર્ટે 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) સોશિયલ મીડિયા કેમ્પેઈનના એક્સ (X) હેન્ડલને પુનઃસ્થાપિત કરવાનો આદેશ આપ્યો છે. જસ્ટિસ સ્વરણ કાંતા શર્માએ સ્થાપક અભિજીત દીપકની અરજી પર સુનાવણી કરતા કેન્દ્ર સરકારના એકાઉન્ટ બ્લોક કરવાના આદેશને રદ કર્યો છે.



સુનાવણી દરમિયાન સરકારે દલીલ કરી હતી કે NEET પરીક્ષા પહેલાં અરાજકતા અને ખોટી માહિતી અટકાવવા આ પગલું લેવાયું હતું. જોકે, હાઈકોર્ટે આ દલીલ ફગાવતા જણાવ્યું કે પરીક્ષા સંબંધિત જોખમ હવે સમાપ્ત થઈ ગયું છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે અભિવ્યક્તિની સ્વતંત્રતા પર પ્રતિબંધ ત્યારે જ લાદી શકાય જ્યારે કોઈ તાત્કાલિક ખતરો હોય. વ્યંગ અને ટીકા પણ અભિવ્યક્તિની સ્વતંત્રતાના દાયરામાં આવે છે.


આ વ્યંગાત્મક ડિજિટલ સંગઠનની શરૂઆત મે મહિનામાં થઈ હતી, જેના પર ૨૧ મેના રોજ પ્રતિબંધ મુકાયો હતો. હાલમાં તે 'કોકરોચ ઈઝ બેક' નામના હેન્ડલથી સક્રિય છે. આ યુવા સંચાલિત ચળવળ શિક્ષણ ક્ષેત્રની નિષ્ફળતાઓ અને નીટ 2026 પેપર લીક મુદ્દે શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ કરી રહી છે.

## પ્રધાનમંત્રી મોદીને ઈન્ડોનેશિયાના સર્વોચ્ચ નાગરિક સન્માનિત કરાયા

# ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચે મહત્વના કરારો પર હસ્તાક્ષર

જાકાર્તા, તા. ૦૭

ભારતના વડાપ્રધાનની ઈન્ડોનેશિયા મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે સંરક્ષણ, વેપાર અને ટેકનોલોજી ક્ષેત્રે મહત્વપૂર્ણ કરારો થયા છે. છેલ્લા ચાર મહિનાથી ચાલતી ચર્ચાના સકારાત્મક અંત સાથે આ મુલાકાત દ્વિપક્ષીય સંબંધોમાં સીમાચિહ્નરૂપ સાબિત થઈ છે. મુખ્ય નિર્ણય અંતર્ગત ભારત, ઈન્ડોનેશિયાને મિસાઈલ પ્રણાલીના વધારાના એકમો



પૂરા પાડશે. ફિલિપાઈન્સ અને વિયેતનામ પછી ઈન્ડોનેશિયા આ સિસ્ટમ મેળવનાર ત્રીજો દેશ બન્યો છે. આ ઉપરાંત, ઈન્ડોનેશિયાએ ભારતની હવાઈ હુમલા સંરક્ષણ પ્રણાલી અને ઈલેક્ટ્રોનિક મતદાન પ્રણાલીમાં તકનીકી સહયોગ મેળવવાનો પણ નિર્ણય કર્યો છે. મુલાકાતના બીજા દિવસે વડાપ્રધાનને ઔપચારિક 'ગાર્ડ ઓફ ઓનર' આપવામાં આવ્યું હતું. ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતોએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરી દેશના સર્વોચ્ચ નાગરિક સન્માનથી નવાજ્યા હતા. વડાપ્રધાને આ સન્માનને કરોડો ભારતીયોનું સન્માન ગણાવી આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રવાસ દરમિયાન વડાપ્રધાન ભારતીય સમુદાયને સંબોધશે અને એક હજાર વર્ષ જૂના ઐતિહાસિક હિન્દુ મંદિરની મુલાકાત પણ લેશે.

### પીએમ મોદીને ઈન્ડોનેશિયાનું સર્વોચ્ચ નાગરિક સન્માન

ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને 'બિંતાંગ આદિપૂર્ણા ઓફ ધ રિપબ્લિક ઓફ ઈન્ડોનેશિયા' મેડલ ઓફ ઓનરથી સન્માનિત કર્યા. આ ઈન્ડોનેશિયાનું સર્વોચ્ચ નાગરિક સન્માન છે.

# અયોધ્યા રામમંદિર દાન ચોરી કેસમાં SITનો પ્રાથમિક અહેવાલ સામે આવ્યો

અયોધ્યા,તા.૦૭

અયોધ્યાના રામમંદિરના દાન ચોરી કેસમાં ટ્રસ્ટની બેઠક અને ચંપત રાય તેમજ અનિલ મિશ્રાના રાજીનામા બાદ એસઆઈટીનો પ્રાથમિક અહેવાલ સામે આવ્યો છે. અહેવાલ મુજબ ૨૭ એપ્રિલથી ૫ જૂન દરમિયાન સીસીટીવીમાં લગભગ ૭૦ શંકાસ્પદ ઘટનાઓ નોંધાઈ હતી. પોલીસ દ્વારા ઝડપાયેલા ૮ આરોપીઓ નોટોના બંડલ




ખિસ્સા અને જૂતામાં છુપાવતા જોવા મળ્યા હતા. તપાસમાં સુરક્ષા અને તલાશી વ્યવસ્થાની ખામીઓ માટે અનિલ મિશ્રાને જવાબદાર ગણાવવામાં આવ્યા છે. સાથે જ ચંપત રાયના ડ્રાઈવર ટિન્નુ પાસે ગણતરી રૂમની ચાવી હોવાનો અને પોતાના ભત્રીજાને કામે લગાડ્યાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.





# અમરનાથની ગુફામાં બરફનું શિવલિંગ સંપૂર્ણ ઓગળી ગયુ

શ્રીનગર,તા.૦૭

અમરનાથ ગુફામાં કુદરતી રીતે બનતું બરફનું શિવલિંગ લગભગ સંપૂર્ણપણે પીગળી ગયું છે. જોકે અમરનાથ યાત્રાને હજુ માત્ર પાંચ દિવસ જ થયા છે. આ વર્ષે ૫૭ દિવસ ચાલનારી યાત્રાની શરૂઆત ૩ જુલાઈથી થઈ હતી. યાત્રાના પ્રથમ ચાર દિવસ દરમિયાન અંદાજે ૮૬ હજારથી વધુ શ્રધ્ધાળુઓએ પવિત્ર ગુફામાં પહોંચીને દર્શન કર્યા હતા. અધિકારીઓના જણાવ્યા મુજબ મંગળવારે પાંચમા દિવસે દર્શન કરનારા શ્રધ્ધાળુઓની કુલ સંખ્યા એક લાખને પાર પહોંચવાની



શક્યતા છે. આ વર્ષે યાત્રા માટે આશરે ચાર લાખ લોકોએ અગાઉથી નોંધણી કરાવી છે. તેથી હજુ ત્રણ લાખથી વધુ શ્રધ્ધાળુઓએ અમરનાથ ગુફામાં દર્શન કરવાના બાકી છે. યાત્રા દરમિયાન સુરક્ષા અને અન્ય જરૂરી વ્યવસ્થાઓ સતત જાળવી રાખવામાં આવી રહી છે.



# બાબરાની એસબીઆઈ શાખામાં પાસબુક એન્ટ્રી મશીનમાં કરંટ આવતો હોવાની રાવ

બાબરા, તા.૦૭

બાબરા શહેરની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં પાસબુક એન્ટ્રી માટે મૂકાયેલા મશીનમાં કરંટ આવતો હોવાનો ગ્રાહકો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. મશીનને સ્પર્શ કરતાં કરંટ લાગ્યાનો અનુભવ થતાં બેંકમાં આવેલા ખાતાધારકોમાં ચિંતા અને રોષ ફેલાયો હતો. ગ્રાહકોના જણાવ્યા મુજબ આ અંગે બેંક મેનેજરને રજૂઆત કરતાં તેમણે વરસાદના કારણે અર્થિંગ આવતું હોવાનું જણાવ્યું હતું. જોકે આ જવાબથી ગ્રાહકોમાં અસંતોષ જોવા મળ્યો હતો. ખાતાધારકોએ મશીનની તાત્કાલિક તકનિકી તપાસ કરાવી જરૂરી સમારકામ કરવાની તેમજ ગ્રાહકોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા માંગ કરી છે. સ્થાનિક લોકોમાં પણ પ્રશ્ન ઉઠ્યો છે કે ભવિષ્યમાં કોઈ અનિચ્છનીય ઘટના બને તો તેની જવાબદારી કોણ લેશે તેવો ગ્રાહકોએ સવાલ ઉઠાવ્યો છે.




# અમરેલીની શાંતાબા હોસ્પિટલમાં ઝેરી દવા પી જનાર સાવરકુંડલાની દીકરીને મળી નવી જિંદગી

**પાંચ દિવસ વેન્ટિલેટર પર રાખી તબીબોએ સચોટ સારવાર આપતા યુવતી થઈ સ્વસ્થ**

અમરેલી,તા.૦૭

સાવરકુંડલાની એક ૧૮ વર્ષીય યુવતી ભૂલથી 'મોનોક્રોટોફોસ' નામનું ઝેરી જંતુનાશક પી જતાં ગંભીર હાલતમાં અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં લાવવામાં આવી હતી.

દર્દીની નાજુક સ્થિતિને જોઈ તબીબોએ સમય બગાડ્યા વિના તેને તાત્કાલિક ICUમાં વેન્ટિલેટર પર રાખી જરૂરી ઈમરજન્સી સારવાર શરૂ કરી હતી.હોસ્પિટલની ICU ટીમ અને નર્સિંગ સ્ટાફની પાંચ દિવસની સતત મહેનત અને સચોટ મેડિકલ મેનેજમેન્ટના કારણે દર્દી સ્વસ્થ થતાં તેને વેન્ટિલેટર પરથી હટાવી જનરલ વોર્ડમાં ખસેડવામાં આવી છે. આ સફળ સારવાર ડૉ. વિજય વાળા, ડૉ. યશ વિરડીયા અને તેમની ટીમે કરી હતી. હોસ્પિટલ દ્વારા આ સંપૂર્ણ સારવાર નિઃશુલ્ક પૂરી પાડવામાં આવતા દર્દીના પરિવારે શાંતાબેન હરિભાઈ ગજેરા ચેરિટેબલ ટ્રસ્ટનો આભાર માન્યો હતો.

# ધારીના સરસીયા ગામની સીમમાં ફરજાની દિવાલ પડતાં યુવકનું મોત

**ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.બી.માઢકે વધુ તપાસ હાથ ધરી**

ધારી, તા.૦૭

ધારીના સરસીયા ગામની સીમમાં ફરજાની દિવાલ પડતાં ઈજા થતાં યુવકનું મોત થયું હતું. બનાવ અંગે ધારીના ખોખરા મહાદેવમાં રહેતા શરદભાઈ ચંદુભાઈ વાઘેલા (ઉ.વ.૨૩)એ જાહેર કર્યા મુજબ, અતિ વરસાદને કારણે ફરજાની દિવાલ પડી જતા ચંદુભાઈ રવજીભાઈ વાઘેલા (ઉ.વ.૩૫) ફરજાની છત નીચે તેમજ છતના બીમના વચ્ચે આવી જતા માંથામા તેમજ જમણા પગે નાની મોટી ઈજાઓ થવાથી તેમજ મૂંજારો થવાથી મરણ પામ્યા હતા. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.બી.માઢક વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના કે. કે. પારેખ કોમર્સ કોલેજમાં 'નો ડ્રગ્સ કેમ્પેઈન' અંતર્ગત જાગૃતિ સેમિનાર યોજાયો

અમરેલી,તા.૦૭

અમરેલીની શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ તથા અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે. કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે ઈન્વિન્સીવલ એન.જી.ઓ.ના સહયોગથી 'નો ડ્રગ્સ કેમ્પેઈન' અંતર્ગત જાગૃતિ સેમિનાર યોજાયો હતો. કાર્યક્રમમાં એસ. જી. પરમાર, એ.એસ.આઈ., એસ.ઓ.જી. વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પેઈનના ઓપરેશન હેડ જયપાલસિંહ ભટ્ટી તેમજ ફેનિલભાઈ ખણેસા, જયમીનભાઈ ગોસ્વામી અને નિર્મલભાઈ ગોસ્વામી હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન એન. એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. એ. બી. ગોરવાડિયા દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે પ્રા. જે. એમ. તળાવિયાએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. જયપાલસિંહ ભટ્ટીએ વિદ્યાર્થીઓને ડ્રગ્સના દૂષણથી થતા નુકસાન અંગે માર્ગદર્શન આપીને વ્યસનથી દૂર રહેવા અપીલ કરી હતી. વિદ્યાર્થીઓને નશામુક્ત જીવન જીવવાનો શપથ પણ લેવડાવવામાં આવ્યો હતો. અંતે પ્રા. જે. એમ. તળાવિયાએ આભાર વ્યક્ત કર્યો હતો.



# બાબરાના સુખપર ગામે ગૃહકંકાસમાં પરિણીતાનું ઝેરી દવા પીવાથી મોત

બાબરા, તા. ૦૭

બાબરાના સુખપર ગામે એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અભ્યાસ બાબતે ચાલતા ગૃહકંકાસમાં પરિણીતાએ ઝેરી દવા પી લેતાં તેનું મોત નીપજ્યું હતું. ભુપતભાઈ માવજીભાઈ સાકળીયા (ઉ.વ.૪૨)એ જાહેર કર્યા મુજબ, તેમનાં પત્ની વાલીબેન ભુપતભાઈ સાકળીયા (ઉ.વ.૪૦)ને તેઓ આગળ અભ્યાસ કરાવવાની ના પાડતા હતા.

આ બાબતે છેલ્લા ચારેક મહિનાથી પતિ-પત્ની વચ્ચે કજિયો-કંકાસ થતો હતો. જેથી મનમાં લાગી આવતાં વાલીબેને ઝેરી દવા પી લીધી હતી અને સારવાર દરમિયાન તેમનું મરણ થયું હતું. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.જી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# દામનગરના સરદાર સર્કલમાં પથ્થરના કપચાથી અકસ્માતનો ભય

દામનગર,તા.૦૭

દામનગરમાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા વરસાદને કારણે સરદાર સર્કલ અને જુના અવેડા ચોક વિસ્તારમાં અલગ-અલગ વિસ્તારોમાંથી વરસાદી પાણીનો ભારે પ્રવાહ વહી રહ્યો છે. આ વિસ્તારમાં દોઢથી બે ફૂટ જેટલું પાણી ભરાતા વાહનચાલકોને પસાર થવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. વરસાદી પાણી સાથે તણાઈને આવેલા પથ્થરના કપચા વાહનોના વ્હીલ સાથે અથડાઈ ઉછળતા હોવાથી લારીધારકો, રાહદારીઓ અને અન્ય લોકોને નાની-મોટી ઈજાઓ પહોંચવાની ભીતિ ઉભી થઈ છે. સ્થાનિકોએ રસ્તા પરના કપચા તાત્કાલિક દૂર કરવા તેમજ પડેલા ખાડાઓ પૂરવાની માંગ ઉઠાવી છે.

**અમરેલી જિલ્લામાં પડેલા વરસાદને કારણે ખેતીપાકને ભારે નુકસાન,ખેતરે જવાના રસ્તાઓ પણ તૂટી ગયા**

# રસ્તાઓ માટે ગ્રાન્ટ ફાળવવા દક્ષાબેન ચોડવડીયાની મુખ્યમંત્રીને રજૂઆત

અમરેલી,તા.૦૭

અમરેલી જિલ્લામાં છેલ્લા બે દિવસથી પડેલા વરસાદને કારણે અનેક ગામો અને તાલુકાઓમાં વ્યાપક નુકસાન સર્જાયું છે. ભારે વરસાદના કારણે ખેડૂતોના પાક, રહેણાંક મકાનો, પશુપાલકો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં મોટા પ્રમાણમાં નુકસાન થયાની સ્થિતિ સામે આવી છે. આ સમગ્ર મામલે જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષા ચાંકડિયાએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખી અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક સર્વે હાથ ધરી સરકાર દ્વારા યોગ્ય સહાય જાહેર કરવાની માંગ કરી છે. પત્રમાં જણાવાયું છે કે અનેક ગામોમાં રસ્તાઓને તેમજ ખેતરે જવાના રસ્તાને પણ ભારે નુકસાન પહોંચ્યું છે, જેના કારણે ખેડૂતો અને ગ્રામજનોને અવરજવર કરવામાં મુશ્કેલીઓ પડી રહી છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ પાસે પૂરતું બજેટ ન હોવાથી રસ્તાઓનું સમારકામ શક્ય બનતું નથી. જેથી સરકાર દ્વારા વિશેષ ગ્રાન્ટ ફાળવી રસ્તાઓના ઝડપી સમારકામ સાથે અસરગ્રસ્ત ખેડૂતો, પશુપાલકો અને લોકોને વહેલી તકે રાહત પેકેજ આપવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.














**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ.નં.૨૧૨/૨૦૨૬

પ્રતિ,
શ્રી બાસઠીયા દાઉદ જુસબ,
રહે.કોડીનાર,ગામ-કોડીનાર,તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર,
નગરપાલીકા,કોડીનાર, તા.કોડીનાર, જિ.ગીર સોમનાથ ......સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના કોડીનાર ગામના રહીશ ઈશાક અગની બાસઠીયા તથા આઈશાબેન ઈશાક બાસઠીયાના પુત્ર બાસઠીયા ઈબ્રાહીમ ઈશાકનો જન્મ તારીખ. ૦૧/Jun/૬૮ ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ નગરપાલીકા,કોડીનાર, તાલુકો-કોડીનાર સને-૧૯૬૮ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૫/૦૬/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ.નં.૨૧૧/૨૦૨૬

પ્રતિ,
શ્રી બાસઠીયા દાઉદ જુસબ,
રહે.કોડીનાર,ગામ-કોડીનાર,તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર,
નગરપાલીકા,કોડીનાર, તા.કોડીનાર, જિ.ગીર સોમનાથ ......સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના કોડીનાર ગામના રહીશ ઈશાક અગની બાસઠીયા તથા આઈશાબેન ઈશાક બાસઠીયાના પુત્ર ઈકબાલ ઈશાક બાસઠીયાનો જન્મ તારીખ. ૦૧/Jun/૭૩ ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ નગરપાલીકા,કોડીનાર, તાલુકો-કોડીનાર સને-૧૯૭૩ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૫/૦૬/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ.નં.૨૧૩/૨૦૨૬

પ્રતિ,
શ્રી બાસઠીયા દાઉદ જુસબ,
રહે.કોડીનાર,ગામ-કોડીનાર,તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર,
નગરપાલીકા,કોડીનાર, તા.કોડીનાર, જિ.ગીર સોમનાથ ......સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના કોડીનાર ગામના રહીશ અલીમહમદ ગનીભાઈ બાસઠીયા તથા સફુરાબેન અલીમહમદ બાસઠીયાના પુત્રી બાસઠીયા જેનાબેન અલીમહમદનો જન્મ તારીખ. ૦૧/Jun/૭૩ ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ નગરપાલીકા,કોડીનાર, તાલુકો-કોડીનાર સને-૧૯૭૩ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૫/૦૬/૨૦૨૬ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.187/2026
જન્મ તારીખ : 14/06/2008

ઈબ્રાહિમખા મજીદખા પઠાણ,
રહે.સાંઢડીધાર, ગામ-સાંઢડીધાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત-સાંઢડીધાર, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ઈબ્રાહિમખા મજીદખા પઠાણ, રહે.સાંઢડીધાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી શ્રી ઈબ્રાહિમખા મજીદખા પઠાણ તથા શ્રી સમીમબાનુ ઈબ્રાહિમખા પઠાણ ના પુત્ર હારીસખા ઈબ્રાહિમખા પઠાણનો જન્મ તારીખ.14/06/2008ના રોજ કોડીનાર તાલુકાના સાંઢડીધાર મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# ગજેરા કેમ્પસના ખેલાડીઓએ રાજ્યકક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં સુવર્ણ પદક મેળવ્યો

અમરેલી, તા. ૦૭



રાજ્યકક્ષાની મીની હેન્ડબોલ સ્ટેટ ટુર્નામેન્ટ અંડર-૧૨ ભાઈઓની સ્પર્ધાનું આયોજન ૨-૩ જૂનના રોજ સાપુતારા,ડાંગ ખાતે કરવામાં આવ્યું હતું. રાજ્યના અલગ-અલગ જિલ્લાની શ્રેષ્ઠ શાળાકીય હેન્ડબોલ ટીમોએ તેમાં ભાગ લીધો હતો. જેમાં ગજેરા કેમ્પસ–વિદ્યાસભાના DLSS ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કટોકટીના મુકાબલા વચ્ચે ગજેરા કેમ્પસ વિદ્યાસભાનાની ટીમે સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરી ફાઈનલ સુધીનો સફર સફળ બનાવીને સુવર્ણ પદક મેળવી અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. જેમાં આ સંસ્થાના સાંકળિયા મીત, ખંડાલ વ્રજ , બાંભણિયા રાજવીર, જળું કાર્તિક, સાંગાણી દેવમ,વાઘેલા રાકેશ, ઝાપડિયા યુગ, તાવિયા કુલદીપ, દુમાડિયા મીત, જોગરાણા નેહીલ, સોલંકી હાર્દિક, ખાવડીયા રોહિતે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. આ સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ ટીમ, કોચ રવિભાઈ નાવડિયા અને ટ્રેનર કમલેશભાઈ ભાલીયા, ભૂમિબેન ડાંગરને અભિનંદન પાઠવ્યા હતા.

# ભુગર્ભ ગટરની સફાઈ મામલે બગસરા પાલિકા પ્રમુખ-કામદારોના સામસામા આક્ષેપો

બગસરા,તા.૦૭



તસવીર :હાર્દિક બામટા

બગસરા નગરપાલિકા વિસ્તારમાં ભૂગર્ભ ગટરની સફાઈ દરમિયાન સફાઈ કામદારોને જીવના જોખમે ગટરમાં ઉતારવામાં આવ્યા હોવાના આક્ષેપોને લઈને વિવાદ સર્જાયો છે. દેશમાં મેન્યુઅલ સ્કેવેન્જિંગ પર કાયદાકીય પ્રતિબંધ હોવા છતાં ગટરની સફાઈ માટે કામદારોને અંદર ઉતારવામાં આવતા હોવાની ફરિયાદ કામદારો દ્વારા કરવામાં આવી છે. કામદારોના જણાવ્યા મુજબ આ કામગીરી તેમના જીવન માટે જોખમી હોવા છતાં તેમને ગટરમાં ઉતરવા માટે મજબૂર કરવામાં આવે છે, જે કાયદાના ભંગ સાથે માનવ અધિકારોનું ઉલ્લંઘન પણ ગણાય છે. બીજી તરફ બગસરા નગરપાલિકાના પ્રમુખ નીરવ ગોંડલીયાએ તમામ આક્ષેપોને નકારી કાઢ્યા છે. તેમના જણાવ્યા મુજબ નગરપાલિકા દ્વારા કોઈ કામદારને ગટરમાં ઉતરવા માટે દબાણ કરવામાં આવ્યું નથી અને જે કામદારો સફાઈ માટે અંદર ઉતર્યા હતા તે તેમની સ્વૈચ્છિક ઈચ્છાથી ઉતર્યા હતા. કામદારો અને પાલિકા પ્રમુખના વિરોધાભાસી દાવાઓને કારણે સમગ્ર મામલો ચર્ચાનો વિષય બન્યો છે. હવે આ મામલે તપાસ થાય છે કે નહીં અને કામદારોની સુરક્ષા માટે શું પગલાં લેવાય છે તેના પર સૌની નજર છે.

# સાવરકુંડલામાં સૂર્યોદય પેટ્રોલ પંપ પાસે અકસ્માતમાં યુવક ઈજાગ્રસ્ત

**ઓળિયા ગામના યુવકે ફરિયાદ નોંધાવી**


સાવરકુંડલા, તા. ૦૭

સાવરકુંડલામાં સૂર્યોદય પેટ્રોલ પંપ પાસે થયેલા અકસ્માતમાં એક યુવક ઘાયલ થયો હતો. આ બનાવ અંગે ઓળિયા ગામના યુવકે ફોરવ્હીલરના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. કિશનભાઈ ખોડાભાઈ મકવાણા (ઉ.વ.૨૮)એ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાની બાઈક લઈને પોતાના ગામેથી સાવરકુંડલા આવી રહ્યા હતા. તે દરમિયાન સાવરકુંડલા ગેટ પાસે સૂર્યોદય પેટ્રોલ પંપ નજીક પહોંચતા સામેથી આવેલા એક ફોરવ્હીલરના ચાલકે તેમને ટક્કર મારી હતી, જેમાં તેમને ઈજા થઈ હતી.

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન. એન. ખસતીયા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લામાં ભારે વરસાદથી નુકસાનગ્રસ્ત ખેડૂતોને સહાય ચુકવવા માંગ

અમરેલી,તા.૦૭



અમરેલી જિલ્લાના પૂર્વ સાંસદ નારણભાઈ કાછડિયાએ રાજ્ય સરકારને પત્ર લખી જિલ્લામાં ભારે વરસાદના કારણે ખેડૂતોને થયેલા નુકસાન અંગે તાત્કાલિક સહાય પેકેજ જાહેર કરવાની માંગ કરી છે. પત્રમાં જણાવાયું છે કે છેલ્લા કેટલાક દિવસોથી પડેલા અતિભારે વરસાદના કારણે ખેડૂતોના ઉભા પાકને વ્યાપક નુકસાન થયું છે. ખેતરોમાં પાણી ભરાઈ જતા પાક બગડવાની સાથે ખેડૂતોને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. અગાઉ માર્ચ મહિનામાં પણ કમોસમી વરસાદથી નુકસાન થયું હતું અને હવે ફરી વરસાદે ખેડૂતોની મુશ્કેલી વધારી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક સર્વે હાથ ધરી રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને યોગ્ય વળતર અને સહાય પેકેજ જાહેર કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

**પૂર્વ સાંસદ નારણ કાછડીયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો**

# બાબરાના ખાખરીયા ગામની સીમમાં પવનચક્કીના વીજપોલથી કરંટ લાગતા પરપ્રાંતીયનું મોત

બાબરા, તા. ૦૭

બાબરાના ખાખરીયા ગામની સીમમાં પવનચક્કીના વીજપોલને ટેકો દેવા જતાં કરંટ લાગવાથી એક પરપ્રાંતીય આધેડનું મોત નીપજ્યું હતું. મૂળ મધ્યપ્રદેશના ભાભરા તાલુકાના ગારધા ગામના અને હાલ બાબરામાં રહેતા મહેતાબભાઈ રાવજીભાઈ ડુડવે (ઉ.વ. ૨૦)એ પોલીસમાં જાહેર કર્યા મુજબ, તેમના પિતા રાવજીભાઈ ઉર્ફે રાજુભાઈ હરસિંહભાઈ ડુડવે (ઉ.વ. ૬૦) લઘુશંકા કરવા માટે રોડની નીચે ખાળિયામાં ગયા હતા. ત્યાં આવેલી પવનચક્કીના વીજપોલનો હાથથી ટેકો લેવા જતાં તેમને જોરદાર વીજશોક લાગ્યો હતો, જેના કારણે તેમનું અવસાન થયું હતું. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી. પી. ડેર આ અંગે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ભારે વરસાદથી ખોરવાયેલા વીજ પુરવઠા અંગે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ ઉર્જા મંત્રીને પત્ર લખ્યો

રાજુલા,તા.૦૭



રાજુલા-જાફરાબાદ-ખાંભા વિસ્તારના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કૌશિકભાઈ વેકરીયાને લેખિત પત્ર પાઠવી રજૂઆત કરી છે. પત્રમાં જણાવાયું છે કે, આ વિસ્તારોમાં થયેલા અતિભારે વરસાદના કારણે વીજ થાંભલા, વીજ લાઈનો અને ટ્રાન્સફોર્મરો સહિતના વીજ માળખાને વ્યાપક નુકસાન થયું છે, જેના લીધે અનેક ગામોમાં વીજ પુરવઠો સંપૂર્ણ કે આંશિક રીતે ખોરવાતા ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા છે.પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈ ધારાસભ્યએ ઉર્જા મંત્રીને અન્ય જિલ્લાઓમાંથી વીજ વિભાગની વધારાની ટીમો તાત્કાલિક મોકલવા વિનંતી કરી છે. જેથી યુધ્ધના ધોરણે સમારકામ કરી અસરગ્રસ્ત ગામોમાં વહેલી તકે વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરી શકાય.

**સાવરકુંડલા-લીલીયા પંથકમાં ભારે મેઘતાંડવને લઈ**

# મહેશભાઈ કસવાલાએ સ્થિતિનો તાગ મેળવી તંત્રને સૂચના આપી

સાવરકુંડલા,તા.૦૭



સાવરકુંડલા અને લીલીયા પંથકમાં અતિ ભારે વરસાદના કારણે સમગ્ર પંથકમાં જનજીવન પ્રભાવિત થયું છે. આ કપરી પરિસ્થિતિમાં સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સંબંધિત તમામ વિભાગોના અધિકારીઓ સાથે ઈમરજન્સી સમીક્ષા બેઠક યોજી હતી. તેમણે મામલતદાર કચેરી, પ્રાંત ઓફિસ, પોલીસ તંત્ર, નગરપાલિકા, તાલુકા પંચાયત, માર્ગ અને મકાન અને સિંચાઈ વિભાગ સહિતની તમામ કચેરીઓના ઉચ્ચ અધિકારીઓને તાત્કાલિક સ્થળ પર બોલાવ્યા હતા. તેમણે વહીવટી તંત્ર સાથે સતત મોનિટરિંગ કરીને આપત્તિ વ્યવસ્થાપનની કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરી હતી અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. બેઠક દરમિયાન ધારાસભ્યે અધિકારીઓને જણાવ્યું હતું કે, ×આપણી પ્રાથમિકતા લોકોની સુરક્ષા છે×. કોઈપણ પ્રકારની બેદરકારી સહેજ પણ ચલાવી લેવાશે નહીં. નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોની સુરક્ષિત સ્થળે બદલી, પાણીના યોગ્ય નિકાલ અને જાનહાનિ અટકાવવા માટે તમામ સાવચેતીના પગલાં ત્વરિત ધોરણે લેવામાં આવે. તંત્રના તમામ કર્મચારીઓ અને અધિકારીઓએ ૨૪ કલાક ખડેપગે રહીને નાગરિકોને જરૂરી મદદ પૂરી પાડવાની રહેશે. આ ઉપરાંત તેમણે નગરજનોને પણ પૂરતી સાવચેતી રાખવા, સુરક્ષિત સ્થળોએ રહેવા અને તંત્રની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરી છે.

# સા.કુંડલાના જુના સાવર ગામે પાંચ કલાકની ભારે જહેમત બાદ ઉનાના યુવાનનું પાણીમાંથી રેસ્ક્યુ કરાયું

સાવરકુંડલા,તા.૦૭



સાવરકુંડલામાં રવિવારે ભારે વરસાદથી નાવલી, શેત્રુંજી અને શેલ નદીઓમાં ઘોડાપૂર આવતા સર્વત્ર જળબંબોળની સ્થિતિ સર્જાઈ હતી. આ આકાશી આફત વચ્ચે જૂના સાવર ગામે ક્રેન અને કાર તણાતાં ૨૧ વર્ષીય રિજવાનભાઈ મન્સૂરી નામનો યુવાન પૂરના પાણીમાં ફસાયો હતો. પોતાનો જીવ બચાવવા માટે યુવાન પાંચ કલાક સુધી કારની છત પર બેસીને મદદ માટે પોકાર કરતો રહ્યો હતો. ઘટનાની જાણ થતાં જ ધારાસભ્ય મહેશ કસવાળા, મામલતદાર, ટીડીઓ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ સહિત વહીવટી તંત્રનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો. નગરપાલિકા સદસ્ય નાસીરભાઈ ચૌહાણ, ફાયર ફાઈટરની ટીમ અને સ્થાનિક તરવૈયાઓએ અદભુત હિંમત દાખવી જીવના જોખમે દોરડાના સહારે રાત્રે એક વાગ્યે યુવાનને સલામત બહાર કાઢ્યો હતો.

# રાજુલાની સરકારી કુમારશાળા નં. ૧માં વાલીઓનો ખાનગીમાંથી સરકારી શાળા તરફ ઝુકાવ

રાજુલા,તા.૦૭



તસવીર : ગોપાલ રાઠોડ

શિક્ષણ વિભાગના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત રાજુલાની શ્રી કુમારશાળા નં. ૧ માં ખાનગી શાળાઓમાંથી અનેક વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. વર્ષ ૨૦૨૪-૨૫ માં બદલીથી આવેલા આચાર્ય હિરલબેન ઠાકરના નેતૃત્વ અને સ્ટાફના ઉત્તમ કાર્યથી શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫૪ થી વધીને ૩૦૦ સુધી પહોંચી છે. શિક્ષકોના ઘર-ઘર સંપર્ક અને પ્રવેશ અભિયાનથી ૨૦૦ થી વધુ નવા બાળકો જોડાયા છે.શાળામાં સ્માર્ટ ક્લાસરૂમ, ડિજિટલ શિક્ષણ, વિજ્ઞાન લેબ, યોગ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જેવી આધુનિક સુવિધાઓ સાથે ગુણવત્તાસભર શિક્ષણ આપવામાં આવે છે. આ ઉપરાંત મફત પાઠ્યપુસ્તકો, ગણવેશ, મધ્યાહ્ન ભોજન, શિષ્યવૃત્તિ અને સીસીટીવી સુરક્ષા જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. વાલીઓએ શાળાના ઉત્તમ વાતાવરણ અને સુરક્ષાને બિરદાવી છે, જ્યારે આચાર્યએ બાળકોના સર્વાંગી વિકાસ માટે શ્રેષ્ઠ તકો પૂરી પાડવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે.




અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

**સંજય ટાયર્સ**

બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.

લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


# અમરેલી ગુજકો મીલ ક્વાર્ટરમાંથી સગીરનું અપહરણ

અમરેલી, તા. ૦૭

અમરેલી ગુજકો મીલ ક્વાર્ટરમાંથી એક સગીરનું અપહરણ કરાયું હતું. સગીરની માતાએ જાહેર કર્યા મુજબ, તેમના પુત્રને કોઈ અજાણ્યો ઈસમ કોઈ કારણોસર ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ગયો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે. જી. મૈયા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં મહિલા પાસેથી ૫ લીટર દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૦૭

અમરેલીમાં એક મહિલા પાસેથી ૫ લીટર દેશી દારૂ મળ્યો હતો.

પોલીસે ૧૦૨૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અમરેલી જિલ્લામાં વિવિધ સ્થળેથી ૮ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.


**ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર**

Dream Family spa

Ladies & Gents

ડ્રીમ ફેમેલી સ્પા



ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ

બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ

કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ

Appointment Now Mo.8160832025

ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601

## તંત્રી લેખ

# પીઓકે: ઇતિહાસથી વર્તમાન વિદ્રોહ સુધી

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK)માં છેલ્લા ત્રણ વર્ષથી ચાલી રહેલું જનઆંદોલન શરૂઆતમાં મોંઘવારી અને જીવનજરૂરી વસ્તુઓના વધતા ભાવ સામેનો વિરોધ હતો, પરંતુ હવે તે મૂળભૂત અધિકારો, રાજકીય પ્રતિનિધિત્વ અને સ્વાયત્તતાની માંગ સુધી વિસ્તરી ગયું છે. મે ૨૦૨૪માં લોટ અને વીજળીના ભાવમાં ભારે વધારો થતાં સામાન્ય લોકોનું જીવન મુશ્કેલ બન્યું. સ્થાનિક લોકોનો આરોપ છે કે મંગલા ડેમમાંથી ઉત્પન્ન થતી વીજળી પાકિસ્તાનના પંજાબ અને ઈસ્લામાબાદને ઓછી કિંમતે આપવામાં આવે છે, જ્યારે PoKના લોકોને મોંઘા દરે વીજળી ખરીદવી પડે છે અને લાંબા સમય સુધી વીજ પુરવઠો પણ મળતો નથી. લોટ પરની સબસિડી બંધ થતાં લોકોમાં અસંતોષ વધ્યો અને વ્યાપક વિરોધ પ્રદર્શન શરૂ થયા. આંદોલનને આગળ વધારવામાં અવામી એક્શન કમિટી અને જોઈન્ટ અવામી એક્શન કમિટી જેવી નાગરિક સંસ્થાઓએ મહત્વની ભૂમિકા ભજવી છે. આ સંગઠનો કોઈ રાજકીય પક્ષ નથી, પરંતુ વેપારીઓ, વકીલો, વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકોનું સંગઠિત મંચ છે. ૧૯૪૭માં ભારતના ભાગલા પછી જમ્મુ-કાશ્મીરના મહારાજા હરિસિંહે શરૂઆતમાં સ્વતંત્ર રહેવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ ઓક્ટોબર ૧૯૪૭માં પાકિસ્તાન સમર્થિત કબાયલીઓના હુમલા બાદ તેમણે ભારત સાથે વિલીનીકરણનો દસ્તાવેજ સહી કર્યો. ત્યારબાદ થયેલા યુધ્ધ અને ૧૯૪૮ના યુધ્ધવિરામ પછી કાશ્મીરનો એક ભાગ પાકિસ્તાનના નિયંત્રણમાં રહ્યો, જેને આજે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર તરીકે ઓળખવામાં આવે છે. આંદોલનકારીઓએ સરકાર સમક્ષ ૩૮ મુદ્દાનો ચાર્ટર રજૂ કર્યો છે. તેમાં સૌથી મહત્વની માંગ PoK વિધાનસભામાં પાકિસ્તાનમાં વસતા કાશ્મીરી શરણાર્થીઓ માટે અનામત રાખવામાં આવેલી ૧૨ બેઠકો રદ કરવાની છે. તેમનો દાવો છે કે આ બેઠકો દ્વારા ઈસ્લામાબાદ સ્થાનિક સરકાર પર નિયંત્રણ જાળવી રાખે છે. આ ઉપરાંત સસ્તી વીજળી, સબસિડીવાળો લોટ અને લાંબા સમયથી નકારાયેલા મૂળભૂત અધિકારોની માંગ પણ કરવામાં આવી છે. આંદોલનને દબાવવા માટે પાકિસ્તાની સત્તાધીશોએ કડક પગલાં લીધા હોવાના આરોપો લાગ્યા છે. વિરોધ પ્રદર્શન દરમિયાન ઈન્ટરનેટ અને મોબાઈલ સેવાઓ બંધ કરવી, વધારાના સુરક્ષા દળો તૈનાત કરવું અને જાહેર સભાઓ પર પ્રતિબંધ મૂકવા જેવી કાર્યવાહી કરવામાં આવી હોવાનું જણાવવામાં આવે છે. સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૨૫ અને જૂન ૨૦૨૬ દરમિયાન થયેલી અથડામણોમાં અનેક લોકોના મોત અને ઈજાઓ થયાના અહેવાલો સામે આવ્યા હતા. જોકે, આ આંકડાઓ અંગે અલગ-અલગ સ્ત્રોતોમાં ભિન્ન માહિતી જોવા મળે છે. આ ઘટનાક્રમ પર આંતરરાષ્ટ્રીય ધ્યાન પણ ગયું છે. ભારતે PoKમાં માનવ અધિકારોના ઉલ્લંઘન અંગે ચિંતા વ્યક્ત કરી છે અને પાકિસ્તાનને જવાબદાર ઠેરવવાની માંગ કરી છે. બીજી તરફ, કેટલાક દેશોએ પોતાના નાગરિકો માટે મુસાફરી સંબંધિત ચેતવણીઓ પણ જાહેર કરી છે. બ્રિટનના કેટલાક સાંસદોએ પણ PoKની પરિસ્થિતિ અંગે તેમની સરકારને હસ્તક્ષેપ કરવાની અપીલ કરી હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. આ સમગ્ર આંદોલન હવે માત્ર મોંઘવારી કે વીજળીના પ્રશ્ન સુધી મર્યાદિત રહ્યું નથી. તે રાજકીય અધિકારો, પારદર્શક શાસન અને સ્થાનિક લોકોના પ્રતિનિધિત્વ સાથે જોડાયેલા વ્યાપક પ્રશ્નોમાં પરિવર્તિત થયું છે. આવનારા સમયમાં આ પરિસ્થિતિ કેવી રીતે વિકસે છે તે પાકિસ્તાન સરકારના વલણ, સ્થાનિક જનતાની માંગણીઓ અને આંતરરાષ્ટ્રીય પ્રતિસાદ પર નિર્ભર રહેશે. હાલની સ્થિતિ દર્શાવે છે કે PoKમાં લોકો પોતાના અધિકારો અને વધુ જવાબદાર શાસનની માંગને લઈને સતત અવાજ ઉઠાવી રહ્યા છે.

# અમરેલીની ગજેરા MBA મહિલા કોલેજ યુનિવર્સિટી ટોપટેનમાં ૯મા સ્થાને, મેળવ્યું ૯૭% પરિણામ

**ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત કોલેજની વિદ્યાર્થીની યુનિ. ટોપટેનમાં, ૧૦૦% ડિસ્ટીંક્શન સાથે ભવ્ય સફળતા**





અમરેલી,તા.૦૭

અમરેલીની એસ. એચ. ગજેરા MBA મહિલા કોલેજનું શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ નું સેમેસ્ટર-IV નું પરિણામ જાહેર થયું છે. કોલેજે ૯૭% કુલ પરિણામ અને ૧૦૦% ડિસ્ટીંક્શન સાથે યુનિવર્સિટી ટોપટેનમાં નવમું સ્થાન મેળવ્યું છે.આ પરિણામમાં કોલેજની વિદ્યાર્થીની પરમાર ક્રિષ્ના જે. એ ૧૦.૦૦ SPI સાથે GTU યુનિવર્સિટીમાં સાતમું સ્થાન મેળવ્યું છે. જ્યારે કોલેજ રેન્કર્સમાં ૧૦.૦૦ SPI સાથે ડાંગરીયા જેનીષા ડી. બીજા ક્રમે અને ગોહિલ ભક્તિ એન. ત્રીજા ક્રમે આવ્યા છે. આ શાનદાર અને ભવ્ય સફળતા બદલ કોલેજ પ્રશાસન દ્વારા તમામ સ્ટાફ, વિદ્યાર્થીનીઓ અને રેન્કર્સને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# અમરેલીમાં જૂના વાહનોની લે-વેંચનું રજિસ્ટર નહીં જાળવનારાઓ સામે ગુનો દાખલ કરાયો

અમરેલી, તા.૦૭

અમરેલી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી તેમજ ગુનાહિત પ્રવૃત્તિઓ પર નિયંત્રણ લાવવાના ભાગરૂપે વહીવટી તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત જૂના વાહનોની લે-વેંચ તથા ભાડે આપવાનો વ્યવસાય કરતા ઈસમો સામે જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરવા બદલ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. સરકારી આદેશો અને જાહેરનામાની અવગણના કરવા બદલ પોલીસે કાયદેસરનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, વાહનોનો ઉપયોગ કોઈ ગુનાહિત પ્રવૃત્તિમાં ન થાય તે માટે રજિસ્ટરની જાળવણી ખૂબ જ જરૂરી છે, અને ભવિષ્યમાં પણ આવા નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# રાજુલા તાલુકાના ડુંગર ગામે એઠવાડ નાખવા મુદ્દે મહિલાઓમાં માથાકૂટ થઈ

**સામસામી ફરિયાદ નોંધાવી**

રાજુલા, તા. ૦૭

રાજુલાના ડુંગર ગામે એઠવાડ નાખવા મુદ્દે મહિલાઓમાં માથાકૂટ થઈ હતી. બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. શકીનાબેન અમીરશા પઠાણ (ઉ.વ. ૨૯) એ જુબેદાબેન દાઉદભાઈ પઠાણ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાના ઘરનો એઠવાડ સામાવાળાના ઘર પાસેથી ચાલીને નાખવા જતા હતા. તેથી સામાવાળાને સારું ન લાગતાં ગાળો આપી શરીરે ઢીકાપાટુનો મૂઢ માર માર્યો હતો. જે બાદ જુબેદાબેન દાઉદશા પઠાણ (ઉ.વ. ૬૦)એ શકીનાબેન અમીરશા પઠાણ, અમીરશા મહેબુબશા પઠાણ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, શકીનાબેન તેમના ફળિયામાં ચાલીને એઠવાડ નાખવા નીકળ્યા હતા. જેથી તેમણે ના પાડતાં સામાવાળાને સારું નહોતું લાગ્યું અને જેમ ફાવે તેમ ગાળો આપી ઢીકાપાટુ માર્યા હતા. ડુંગર પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. કે. પીછડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# કડીયાળી ૬૬ કેવીમાં પાણી ઘૂસી જતા બે દિવસથી દરિયાકાંઠાના અનેક ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા, તા. ૦૭

રાજુલાના કડીયાળી ખાતેના ૬૬ કેવીમાં પાણી ઘૂસી જતા છેલ્લા બે દિવસથી દરિયાકાંઠાના ભેરાય, રામપરા, પીપાવાવ, ઝોલાપુર, નિંગાળા, કડીયાળી, કથીવદર, વિસળીયા ગામોનો વીજ પુરવઠો ખોરવાયો છે. અહીં ચોમાસા દરમિયાન તેમજ ગમે ત્યારે થોડા વરસાદમાં પણ પાણી ઘૂસવાના બનાવ અવારનવાર બને છે. આ અંગેની અવારનવાર રજૂઆતો કરવા છતાં કોઈ પગલા ભરવામાં આવતા નથી. આ અંગે તાકીદના પગલાં લઈને ૬૬ કેવી સબ સ્ટેશનને ઊંચું બનાવવામાં આવે તેવી લોક માંગ છે.

# અમરેલી LCB ટીમે અપહરણ અને પોક્સો ગુનાના ફરાર આરોપીને ઝડપી પાડયો



અમરેલી,તા.૦૭

અમરેલી એલ.સી.બી. પોલીસે ધારી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુનાના છેલ્લા ત્રણ મહિનાથી નાસતા ફરતા ૨૩ વર્ષીય લિસ્ટેડ આરોપી રોહિતભાઈ મહેશભાઈ ચૌહાણને બાતમી અને ટેકનિકલ સોર્સના આધારે જૂનાગઢથી ઝડપી પાડ્યો છે. આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધાયેલો હતો. પોલીસે તેને આગળની કાયદેસરની કાર્યવાહી માટે ધારી પોલીસને સોંપ્યો છે.

# અમરેલી પેરોલ ફર્લો સ્ક્વોર્ડે ૨૦ વર્ષથી નાસતા ફરતા આરોપીને વડોદરાથી પકડયો



અમરેલી,તા.૦૭

અમરેલી પેરોલ ફર્લો સ્ક્વોર્ડે ધારી કોર્ટના વર્ષ ૨૦૦૬ના કેસમાં પકડ વોરંટ ધરાવતા અને છેલ્લા બે દાયકાથી ફરાર ૫૫ વર્ષીય આરોપી પ્રથમેશકુમાર બીપીનચંદ્ર પંડ્યાને વડોદરાથી ઝડપી પાડ્યો છે. એલ.સી.બી. પીઆઈ અને પીએસઆઈ સાપરાના માર્ગદર્શન હેઠળ ટીમે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેક્નિકલ સોર્સના આધારે આ સફળતા મેળવી છે. આરોપીને આગળની કાયદેસરની કાર્યવાહી માટે ધારી પોલીસને સોંપવામાં આવ્યો છે.

# ખાંભાના બોરાળા ગામે ખેડૂતને કુહાડી લઈ મારવા દોડી જાનથી મારવાની ધમકી આપી

ખાંભા, તા.૦૭

ખાંભાના બોરાળા ગામે ખેડૂતને કુહાડી લઈ મારવા દોડી જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે માયાભાઈ ખોડાભાઈ ભમ્મર (ઉ.વ.૫૦) એ રામભાઈ હમીરભાઈ ભુવા, કાળુભાઈ ભોળાભાઈ ભુવા તથા બાવભાઈ કાળુભાઈ ભુવા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ પોતાની ધાર વિસ્તારમાં આવેલી ખેતીની જમીનના પાળે કામ કરતા હતા તે દરમ્યાન પાળા ઉપરથી જમીનમાં પથ્થરો ગયા હતા. જેથી સારૂં ન લાગતા છુટા પથ્થરો શરીરે માર્યા હતા. તેમજ મોબાઈલ ફોનમાં નુકસાન કર્યું હતું. ઉપરાંત કુહાડી લઈ તેમની માલીકિની જમીનમાં ગેરકાયદે પ્રવેશ કરી તમામે જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૦૫૦ | ૧૯૦૦ |
| ઘઉં લોકવન | ૪૧૦ | ૫૩૩ |
| ઘઉં ટુકડા | ૪૨૦ | ૬૦૭ |
| જુવાર સફેદ | ૧૧૦૧ | ૧૧૯૦ |
| જુવાર લાલ | ૧૧૫૦ | ૧૩૭૮ |
| જુવાર પીળી | ૪૨૦ | ૫૨૨ |
| બાજરી | ૩૬૪ | ૪૫૧ |
| તુવેર | ૧૦૧૦ | ૧૫૪૪ |
| ચણા પીળા | ૧૦૪૦ | ૧૨૧૦ |
| ચણા સફેદ | ૧૦૭૦ | ૧૮૦૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૮૩૯ |
| મગ | ૧૨૦૦ | ૧૮૮૨ |
| વાલ દેશી | ૭૦૦ | ૧૨૧૭ |
| ચોળી | ૧૦૦૦ | ૧૭૦૧ |
| વટાણા | ૬૧૦ | ૯૬૯ |
| કળથી | ૪૭૦ | ૪૭૦ |
| રાજમા | ૧૨૦૦ | ૧૮૦૦ |
| સીંગદાણા | ૧૭૭૫ | ૨૨૬૦ |
| મગફળી જાડી | ૧૧૪૫ | ૧૫૭૦ |
| મગફળી જીણી | ૧૧૧૫ | ૧૫૨૦ |
| અળશી | ૧૬૫૦ | ૧૭૫૦ |
| તલી | ૨૩૪૦ | ૨૬૭૫ |
| એરંડા | ૧૨૬૨ | ૧૩૮૨ |
| અજમો | ૨૩૦૦ | ૩૫૭૦ |
| સુવા | ૧૩૦૦ | ૧૫૩૦ |
| સોયાબીન | ૧૦૭૦ | ૧૮૫૧ |
| સીંગફાડા | ૧૩૦૦ | ૧૭૨૦ |
| કાળા તલ | ૨૩૫૦ | ૪૦૪૦ |
| લસણ | ૧૧૨૫ | ૨૯૦૧ |
| ધાણા | ૨૪૧૧ | ૩૦૦૦ |
| ધાણી | ૨૪૫૧ | ૩૦૮૫ |
| વરીયાળી | ૧૧૧૧ | ૧૯૯૦ |
| જીરૂ | ૩૩૫૧ | ૪૦૦૦ |
| રાય | ૧૨૮૦ | ૧૭૧૭ |
| મેથી | ૯૦૦ | ૧૪૬૦ |
| અશેરીયો | ૯૯૧ | ૯૯૧ |
| કલોંજી | ૨૯૫૧ | ૩૬૦૩ |

| | | |
|---|---|---|
| રાયડો | ૧૧૮૦ | ૧૪૩૦ |
| રજકાનું બી | ૭૦૦૦ | ૧૦૨૫૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૪૧૮ | ૬૨૩ |
| લીંબુ | ૪૭૯ | ૯૮૮ |
| પપૈયા | ૧૪૮ | ૨૪૪ |
| બટેટા | ૮૯ | ૨૯૭ |
| ડુંગળી સુકી | ૧૮૦ | ૫૦૧ |
| ટમેટા | ૩૭૮ | ૫૮૯ |
| સુરણ | ૭૧૮ | ૯૨૩ |
| કોથમરી | ૧૭૭૬ | ૨૪૯૦ |
| રીંગણા | ૬૯ | ૨૧૦ |
| કોબીજ | ૧૪૨ | ૩૧૯ |
| ફ્લાવર | ૨૫૪ | ૬૮૮ |
| ભીંડો | ૨૨૫ | ૭૭૯ |
| ગુવાર | ૩૬૯ | ૧૨૦૫ |
| ચોળાસીંગ | ૫૫૨ | ૯૬૮ |
| ટીંડોળા | ૩૧૬ | ૬૩૩ |
| દુધી | ૧૬૬ | ૩૯૦ |
| કારેલા | ૩૫૮ | ૭૦૨ |
| સરગવો | ૪૫૩ | ૯૨૮ |
| તુરીયા | ૪૨૭ | ૭૧૨ |
| પરવર | ૫૦૩ | ૭૧૧ |
| કાકડી | ૩૪૧ | ૯૧૩ |
| ગાજર | ૪૦૩ | ૫૫૨ |
| વટાણા | ૧૪૪૧ | ૧૬૫૪ |
| ગલકા | ૧૬૨ | ૩૩૪ |
| બીટ | ૩૧૧ | ૫૦૧ |
| મેથી | ૧૨૨૪ | ૧૬૩૭ |
| ડુંગળી લીલી | ૧૪૦૩ | ૧૮૧૩ |
| આદુ | ૨૪૦૨ | ૩૦૩૬ |
| મરચા લીલા | ૫૨૬ | ૭૩૫ |
| મકાઇ લીલી | ૧૭૬ | ૩૪૯ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૪૧ | ૧૮૩૧ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૫૪ |
| ઘઉં ટુકડા | ૪૭૨ | ૬૩૦ |
| મગફળી જીણી | ૧૧૫૧ | ૧૭૦૧ |

| | | |
|---|---|---|
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૧૯૪૧ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૭૭૧ |
| એરંડા / એરંડી | ૧૨૨૧ | ૧૩૮૬ |
| જીરૂ | ૨૪૫૧ | ૪૧૦૧ |
| કલંજી | ૧૬૦૧ | ૩૫૭૧ |
| ધાણા | ૨૫૦૧ | ૩૦૮૧ |
| લસણ સુકું | ૯૯૧ | ૨૩૫૧ |
| ડુંગળી લાલ | ૧૭૧ | ૫૩૧ |
| અડદ | ૮૦૦ | ૧૮૧૧ |
| મઠ | ૫૦૦ | ૫૦૦ |
| તુવેર | ૮૩૧ | ૧૪૬૧ |
| રાયડો | ૧૧૫૧ | ૧૧૫૧ |
| રાય | ૬૦૦ | ૧૫૮૧ |
| મેથી | ૮૫૧ | ૧૩૪૧ |
| કાંગ | ૨૦૦ | ૬૭૧ |
| ગુવાર બી | ૮૨૬ | ૮૨૬ |
| મગફળી જાડી | ૧૧૧૧ | ૧૫૭૧ |
| સફેદ ચણા | ૧૦૭૧ | ૧૭૯૧ |
| ધાણી | ૨૬૦૧ | ૩૧૯૧ |
| બાજરો | ૩૩૧ | ૩૪૧ |
| જુવાર | ૩૧૧ | ૧૦૪૧ |
| મકાઇ | ૫૧૧ | ૫૧૧ |
| મગ | ૧૦૨૬ | ૧૭૫૧ |
| ચણા | ૧૦૨૬ | ૧૧૮૧ |
| ચોળા / ચોળી | ૪૨૬ | ૧૩૮૧ |
| સોયાબીન | ૧૦૩૧ | ૧૮૬૧ |
| ગોગળી | ૭૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૪૨૧ | ૮૯૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૩૦૦ | ૭૬૦ |
| મરચા | ૪૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૧૬૦ | ૪૪૦ |
| દુધી | ૧૪૦ | ૪૪૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૪૦ | ૪૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૧૦૦૦ |


| | | |
|---|---|---|
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૩૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| વટાણા | ૨૫૦૦ | ૩૦૦૦ |
| કેરી કાચી | ૪૦૦ | ૬૦૦ |
| બટેટા | ૧૮૦ | ૨૮૦ |
| લીલી હળદર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૫ | ૧૫ |
| કોથમીર પુરા | ૫ | ૧૦ |
| પચકારુ | ૨૦૦ | ૩૦૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૩૦૦ | ૮૦૦ |
| મેથી પુરા | ૫ | ૨૪ |
| બીટ પુરા | ૫ | ૨૦ |
| સરગવો પુરા | ૨૦ | ૪૦ |
| ચોરા | ૧૬૦ | ૯૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૩૦૦૦ | ૩૬૦૦ |
| ફણશી | ૧૪૦૦ | ૨૨૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૨૦ |
| પાલક પુરા | ૩ | ૮ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૩૯૦ |
| શિંગ દાણા | ૧૫૦૦ | ૨૦૧૫ |
| શિંગ દાણા ફાડા | ૧૫૦૦ | ૧૮૨૫ |
| તલ સફેદ | ૧૧૯૦ | ૨૮૫૫ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૮૭૦ |
| બાજરો | ૩૦૦ | ૪૭૦ |
| જુવાર | ૧૦૪૫ | ૧૧૯૫ |
| ઘઉં ટુકડા | ૪૨૦ | ૫૪૦ |
| ઘઉં લોકવન | ૪૪૫ | ૫૧૫ |
| મગ | ૮૦૦ | ૧૪૮૫ |
| ચણા | ૯૯૦ | ૧૧૬૦ |
| સફેદ ચણા | ૯૫૦ | ૧૦૯૦ |
| તુવેર | ૮૦૦ | ૧૪૩૦ |
| કપાસ | ૯૪૦ | ૧૮૯૦ |

| | | |
|---|---|---|
| એરંડા | ૧૦૦૦ | ૧૩૬૫ |
| જીરુ | ૨૩૦૦ | ૩૪૬૦ |
| રાય | ૧૨૦૦ | ૧૫૩૦ |
| ધાણા | ૨૯૭૦ | ૨૯૭૦ |
| ધાણી | ૧૫૭૫ | ૨૯૫૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૧૨૨૫ | ૧૫૮૦ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૩૪૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૭૦ | ૨૭૦ |
| રીંગણા | ૧૨૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૮૧૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૫૦૦ |
| શકકરીયા | ૭૦૦ | ૮૦૦ |
| ટમેટાં | ૭૦૦ | ૮૦૦ |
| સુરણ | ૮૪૦ | ૯૧૦ |
| ગાજર | ૬૨૦ | ૭૦૦ |
| દુધી | ૨૪૦ | ૩૦૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| ચિભડા | ૫૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૬૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૮૨૦ | ૧૧૯૦ |
| વટાણા | ૨૯૦૦ | ૩૦૫૦ |
| ચોળા લીલા | ૪૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૬૦૦ |
| આદુ | ૨૬૦૦ | ૩૨૦૦ |
| કોથમીર | ૧૮૫૦ | ૨૨૦૦ |
| મેથીભાજી | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ફોદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૬૧૦ | ૭૧૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૮૦૦ | ૮૮૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી સુકી | ૩૦૦ | ૬૦૦ |
| લસણ સુકું | ૨૦૦૦ | ૨૪૦૦ |

| | | |
|---|---|---|
| પાલક | ૭૦૦ | ૮૦૦ |
| લીબુ | ૫૦૦ | ૭૦૦ |
| મકાઈ | ૨૪૦ | ૪૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ---- | ૧૪૨૬ |
| શીંગ દાણા | ૧૫૫૦ | ૨૦૪૨ |
| તલ સફેદ | ---- | ૨૫૦૭ |
| તલ કાળા | ૩૩૦૬ | ૩૬૨૯ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૨૦ |
| બાજરો | ૪૫૦ | ૫૦૦ |
| જુવાર | ---- | ૧૦૬૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૪૧ |
| **બાબરા** | | |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૩૦૦ |
| મગ | ૧૩૫૦ | ૧૪૫૦ |
| ચણા | ૧૧૦૫ | ૧૧૪૦ |
| ઘઉં | ૫૦૧ | ૫૦૭ |
| **બગસરા** | | |
| મગફળી | ૧૦૦૦ | ૧૨૮૦ |
| ઘઉં લોકવન | ૪૮૩ | ૫૧૦ |
| જુવાર | ૫૧૦ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૭૨ | ૪૭૨ |
| એરંડી | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ચણા | ૯૫૦ | ૧૦૫૫ |
| શીંગફાડા | ૧૫૯૦ | ૧૬૫૫ |
| તલ કાળા | ૨૮૦૫ | ૩૫૬૫ |
| શીંગદાણા | ૧૭૫૦ | ૧૮૭૦ |
| સોયાબીન | ૧૨૬૫ | ૧૪૬૦ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૨૫ |
| તુવેર | ૧૨૫૦ | ૧૨૫૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૧૦૦ | ૧૧૫૦ |
| ઘઉં લોકવન | ૪૭૫ | ૪૭૫ |
| ચણા | ૧૦૪૫ | ૧૧૩૫ |
| તુવેર | ૧૦૧૦ | ૧૧૯૦ |
| મગ | ૧૫૨૫ | ૧૬૦૦ |
| તલ સફેદ | ૨૬૦૦ | ૨૬૦૦ |
| તલ કાળા | ૨૭૭૦ | ૩૦૦૦ |


| | | |
|---|---|---|
| જુવાર | ૭૦૦ | ૭૦૦ |
| શીંગદાણા | ૧૫૦૧ | ૧૮૦૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| **મહુવા** | | |
| જુવાર | ૪૦૨ | ૧૧૩૬ |
| બાજરી | ૪૧૨ | ૫૧૪ |
| ઘઉં ટુકડા | ૪૦૧ | ૫૫૭ |
| મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| મગ | ૧૬૦૦ | ૧૬૫૮ |
| ચણા | ૧૦૧૨ | ૧૦૧૨ |
| તલ સફેદ | ૨૫૫૦ | ૨૬૬૯ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૮૯૬ |
| ચોળી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| જીરૂ | ૩૮૭૭ | ૩૮૭૭ |
| ડુંગળી લાલ | ૧૪૦ | ૫૪૦ |
| ડુંગળી સફેદ | ૧૫૫ | ૪૫૦ |
| નાળીયેર | ૭૨૦ | ૨૩૮૦ |
| **કોડીનાર** | | |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૦ | ૪૯૮ |
| ઘઉં | ૪૫૦ | ૫૨૯ |
| જુવાર | ૧૦૦૦ | ૧૧૫૨ |
| અડદ | ૧૮૦૦ | ૧૮૭૨ |
| મગ | ૧૪૫૦ | ૧૮૧૮ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૧૭ |
| સફેદ તલ | ૧૮૦૦ | ૨૬૬૬ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૯૮૪ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૩૨૫ |
| શિંગ દાણા | ૧૬૫૦ | ૧૯૦૦ |
| **રાજુલા** | | |
| તલ કાળા | ૨૭૦૦ | ૨૭૦૦ |
| કપાસ | ૧૭૨૫ | ૧૭૨૫ |
| બાજરો | ૪૦૦ | ૫૨૧ |
| ઘઉં ટુકડા | ૪૭૧ | ૫૦૯ |
| જુવાર | ૯૫૦ | ૧૨૦૦ |
| ચણા | ૧૧૦૧ | ૧૧૧૧ |
| ચોળી | ૫૦૦ | ૫૦૦ |

| | | |
|---|---|---|
| શીંગદાણા | ૧૮૦૦ | ૧૮૦૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૧૦૦૦ | ૧૧૫૦ |
| બાજરો | ૩૫૦ | ૪૫૫ |
| ઘઉં | ૪૫૦ | ૫૨૫ |
| મગ | ૧૪૦૫ | ૧૬૮૦ |
| તુવેર | ૮૪૦ | ૧૪૨૦ |
| વાલ | ૮૦૦ | ૮૮૫ |
| ચણા | ૭૦૦ | ૧૧૬૦ |
| ચણા સફેદ | ૧૧૮૦ | ૧૩૨૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૫૦ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૫૦૦ |
| તલ | ૧૮૫૦ | ૨૬૫૫ |
| તલ કાળા | ૧૯૫૦ | ૩૮૦૫ |
| રાયડો | ૧૦૦૦ | ૧૩૧૧ |
| રાય | ૧૨૦૦ | ૧૬૮૦ |
| લસણ | ૮૦૦ | ૩૨૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૩૦ |
| ધાણા | ૧૪૭૦ | ૩૦૦૫ |
| ડુંગળી સુકી | ૧૮૦ | ૫૭૦ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૮૫૫ |
| વટાણા | ૬૯૫ | ૭૨૫ |
| રાજમા | ૧૦૦૦ | ૧૦૧૦ |
| **ભેંસાણ** | | |
| ઘઉં | ૪૦૧ | ૪૯૬ |
| ચણા | ૮૦૧ | ૧૧૨૧ |
| મગફળી | ૧૧૪૬ | ૧૧૪૬ |
| શિંગદાણા | ૧૪૦૧ | ૨૪૦૧ |
| શિંગફાડા | ૧૩૫૧ | ૧૬૨૧ |
| એરંડા | ૧૨૩૬ | ૧૨૩૬ |
| તલ સફેદ | ૧૩૦૧ | ૨૫૭૬ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૫૫૧ |
| ધાણા | ૧૫૦૧ | ૨૯૩૬ |
| લસણ | ૧૫૩૧ | ૧૫૩૧ |
| સોયાબીન | ૬૦૧ | ૧૪૪૧ |



લાગે તો તીર : -છૂટાછેડા.. છૂટાછેડા.. છૂટાછેડા..!!
આ શું છૂટાછેડાની પારાયણ માંડી છે?
06

# ચીન-બાંગ્લાદેશની દોસ્તીથી ભારતને ખતરો ?





બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા

ચીન-બાંગ્લાદેશની નિકટતા ભારત માટે મોટો ખતરો બની ગઈ છે.

શેખ હસીનાએ બાંગ્લાદેશથી ભાગવું પડ્યું ત્યારથી જ બાંગ્લાદેશમાં ભારતનાં હિતોને ફટકો પડવાનું શરૂ થઈ ગયેલું ને હવે બાંગ્લાદેશના વડાપ્રધાન તારીક રહેમાન ચીનના ખોળામાં જ બેસી જતાં ભારત માટે મોટી ચિંતા ઉભી થઈ છે. હમણાં તારીક રહેમાન ચીનની યાત્રાએ જઈ આવ્યા. આ યાત્રા દરમિયાન ચીન અને બાંગ્લાદેશ વચ્ચે સહકારના જે કરાર થયા તેમાં મોટા ભાગની બાબતો ભારતને સ્પર્શતી હોવાથી આ દોસ્તી ભારતને બહુ નડશે એવી આગાહીઓ થવા માંડી છે.

આમ તો હસીનાની વિદાય પથી તરત ચીને બાંગ્લાદેશને પડખામાં લેવા માટેના પ્રયત્નો શરૂ કરી દીધેલા પણ વચગાળાની સરકાર હોવાથી ચીન સાચવી સાચવીને આગળ વધતું હતું કેમ કે હસીનાની પાર્ટીનું પુનરાગમન થઈ જાય તો ચીનના કર્યાકારવ્યા પર પાણી ફરી વળે. ચીને આ સ્થિતી પેદા ના થાય એટલે હસીનાની પાર્ટીને ચૂંટણીમાં ભાગ લેવાની મંજૂરી જ ના મળે એવો કારસો કરી નાંખ્યો ને પછી બાંગ્લાદેશની ચૂંટણીમાં ભારત વિરોધી તારીક રહેમાનની પાર્ટી જીતે એવો તખ્તો ગોઠવી દીધો.

રહેમાન વડાપ્રધાન બન્યા પછી ચીને પોતાની યોજનાને ઝડપથી આગળ વધારવા માંડી છે ને તેના ભાગરૂપે બાંગ્લાદેશ સાથે સંરક્ષણ સહયોગનો કરાર કરી નાંખ્યો છે. આ કરાર હેઠળ બાંગ્લાદેશની આર્મીને મળનારાં હથિયારોમાંથી લગભગ ૭૫ ટકા ચીન આપશે. ચીને પાકિસ્તાનને આપ્યાં છે એ જે-૧૦સી બાંગ્લાદેશને આપવા માટે ૨.૨ અબજ ડોલરનો સોદો કર્યો છે. આ સોદા હેઠળ ૨૦૨૭માં ચીનને નવાં ફાઈટર જેટ મળી જશે. જે-૧૦સી ચીનનાં ફોર્થ જનરેશન ફાઈટર જે છે કે જેમાં રડાર, એડ્વાન્સ ઈલેક્ટ્રોનિક વોરફેર સિસ્ટમ, લાંબા અંતરની એર-ટુ-એર મિસાઈલ **PL-15** ફેંકવાની ક્ષમતા અને સુપરક્રૂઝ સ્પીડ છે.

ચીને બાંગ્લાદેશને વીટી-૫ લાઈટ ટેન્ક્સ પણ આપી છે. વજનમાં હલકી, ઝડપી અને પહાડી વિસ્તારોમાં ભાગી શકે એવી **105mm** ગન અને આધુનિક ફાયર કંટ્રોલ સિસ્ટમ સાથેની આ ટેન્ક એકદમ અસરકારક છે. ચીન બાંગ્લાદેશને મલ્ટી બેરલ રોકેટ લોન્ચર, આર્ટિલરી સિસ્ટમ, સરફેસ-ટુ-એર મિસાઈલો, ડ્રોન અને સબમરીન પણ આપી રહ્યું છે. તેના કારણે બંગાળની ખાડી અને ભારતની પૂર્વીય સરહદે ખતરો વધશે એવું નિષ્ણાતો માને છે. ભવિષ્યમાં બાંગ્લાદેશ આ હથિયારોનો ઉપયોગ ભારત વિરુધ્ધ કરીને મોટી તબાહી વેરી શકે. **J-10C** જેટ્સ ભારતીય વાયુસેનાના રાફેલ, **Su-30MKI** અને તેજસ સામે બહુ મનાય છે.

બાંગ્લાદેશે વળતો વ્યવહાર કરીને મોંગલા પોર્ટ અને તિસ્તા પ્રોજેક્ટ ચીનને આપી દીધાં છે. તિસ્તા નદી ભારત માટે અત્યંત મહત્વની છે અને મોંગલા બંદર પણ ભારત માટે મહત્વનું છે. શેખ હસીનાએ બંને પ્રોજેક્ટ ભારતને આપેલા પણ રહેમાને ચીનને આપી દેતાં ભારતને મોટો આર્થિક ફટકો પડશે ને સુરક્ષા સામે પણ ખતરો ઉભો થશે. મોંગલા અને ચિત્તાગોંગ પોર્ટથી અગરતલાનું અંતર અનુક્રમે ૨૨૦ અને ૩૩૦ કિમી હોવાથી ભારત સરળતાથી માલસામાનની હેરફેર કરી શકતું હતું. ચીનની હાજરીમાં ભારત હવે મોંગલાથી આ ફાયદા ઉઠાવી શકશે નહીં.

■■■

ચીન ભારતને ઘેરી રહ્યું છે ?

ચીને બાંગ્લાદેશ સાથે જે-૧૦સી, ફાઈટર જેટ, ટાઈપ-૧૫ ટેન્ક સહિતનાં આધુનિક હથિયારો આપવાનો કરાર કર્યો તેને સંરક્ષણ નિષ્ણાતો 'સ્ટ્રિંગ ઑફ પર્લ્સ' (**String of Pearls**) નીતિનો ભાગ માની રહ્યા છે. 'સ્ટ્રિંગ ઑફ પર્લ્સ' વ્યૂહરચનામાં ભારતના પાડોશી દેશોનાં બંદર કેન્દ્રસ્થાને છે. ભારત પાસે વિશાળ દરિયાકિનારો હોવાથી ભારતને ઘેરવું હોય તો સમુદ્રના રસ્તે તેને ઘેરવું પડે. ચીન અને ભારત દરિયાઈ માર્ગે જોડાયેલાં નથી તેથી ચીને ભારતના પાડોશી દેશોનાં મહત્વનાં બંદરોને નિશાન બનાવ્યાં છે. ચીન ભારતના પાડોશી દેશોનાં એક પછી એક બંદર પર પગપેસારો કરી રહ્યું છે.

ચીન દરેક બંદરને 'પર્લ' (મોતી) માને છે અને આ મોતીની હારમાળા દ્વારા ભારતને ભિડાવવા માગે છે. ચીને અત્યાર સુધીમાં પાકિસ્તાનના ગ્વાદર, શ્રીલંકાના હંબનટોટા તથા બાંગ્લાદેશના ચિત્તાગોંગ અને મોંગલા બંદરો પર નિયંત્રણ મેળવ્યું છે. હિંદ મહાસાગરમાં આવતાં આ બંદરો પર ચીન લશ્કરી છાવણીઓ બનાવી રહ્યું છે અને ભારતના પાડોશી દેશોને હથિયારો પણ આપી રહ્યું છે કે જેથી સમય આવ્યે ભારત પર ચારે બાજુથી હલ્લાબોલ કરી શકાય. ચીન મ્યાનમારને પણ પોતાના પડખામાં લેવા માટે મથી રહ્યું છે. ઈરાનના ચાબહાર બંદર પર કબજો કરવા માટે પણ ચીને પ્રયત્ન કરેલો પણ ઈરાન ફૂંકી ફૂંકીને આગળ વધી રહ્યાં છે તેથી ચીનને સફળતા નથી મળી. હિંદ મહાસાગરમાં ચીને એ હદે પગપેસારો કર્યો છે કે, હિંદ મહાસાગરમાં આવેલાં ભારત સિવાયના દેશોનાં સૌથી મહત્વનાં ૧૭ બંદરોમાંથી ૧૩ નો વિકાસ ચીનની કંપનીઓ કરી રહી છે જ્યારે બાકીના પ્રોજેક્ટ્સમાં તેમની ભાગીદારી છે.

ચીનનું આ પ્રભુત્વ ભારત માટે મોટો ખતરો બની શકે છે કેમ કે હિંદ મહાસાગરના કારણે ભારત અત્યંત સુરક્ષિત છે. હિંદ મહાસાગર પર ચીનનું પ્રભુત્વ ના હોય તો ભારતની સુરક્ષા જોખમમાં આવી જાય. હિંદ મહાસાગરમાં મોટા પ્રમાણમાં ક્રુડ ઓઈલ તથા બીજી કિંમતી ખનિજો પણ છે. ચીન તેના પર પણ કબજો કરી લે તો ભારતને આર્થિક રીતે પણ મોટો ફટકો પડે. માછલીઓ સહિતના સી-ફૂડનો અબજોનો માલ પણ ચીનના હાથમાં જતો રહે. અત્યારે ભારતના લાખો માછીમાર પરિવારો હિંદ મહાસાગરમાં માછીમારી કરીને નભે છે. તેમની આજીવિકા પર પણ ખતરો આવે ને દરિયાઈ માર્ગે થતી ભારતીય માલની હેરફેરને પણ ગંભીર અસર થાય એ જોતાં 'સ્ટ્રિંગ ઑફ પર્લ્સ' ભારત માટે બહુ મોટો ખતરો બની શકે છે.

■■■

ચીનને ખાળવા ભારત શું કરી રહ્યું છે ?

'સ્ટ્રિંગ ઑફ પર્લ્સ' સામે ભારતે 'નેકલેસ ઓફ ડાયમંડ' મિશન હાથ ધર્યાનું કહેવાય છે. ભારત સરકારે સત્તાવાર રીતે આ પ્રોજેક્ટ જાહેર કર્યો નથી તેથી તેની સત્તાવાર વિગતો ઉપલબ્ધ નથી પણ ભારત 'નેકલેસ ઓફ ડાયમંડ' હેઠળ ૪ મિશન પર કામ કરી રહ્યું છે. પહેલું મિશન ચીનથી ત્રસ્ત દેશોને એક કરીને નવી બનાવવાનું છે. ઓસ્ટ્રેલિયા, અમેરિકા અને જાપાન સાથે મળીને બનાવાયેલં ક્વોડ મિશન આ જ વ્યૂહરચનાનો એક ભાગ છે. આ સિવાય ચીન દરિયાઈ માર્ગે જેમનવે કનડે છે એવા સિંગાપોર, ઈન્ડોનેશિયા, સેશેલ્સ, ઓમાન, ઈરાન, મંગોલિયા, જાપાન અને વિયેતનામ સાથે ભારતે ભાગીદારી કરવા માંડી છે. આ દેશોમાં પોર્ટ ડેવલપમેન્ટના પ્રોજેક્ટમાં ભારત ભાગીદાર બન્યું છે. આ દેશોમાં ભારત નેવલ ફેસિલિટી પણ તૈયાર કરી રહ્યું છે કે જેથી ભવિષ્યમાં ચીનના ઈશારે બાંગ્લાદેશ તે બીજો કોઈ દેશ હુમલાની ગુસ્તાખી કરે તો તેને જવાબ આપી શકાય.


આ ઉપરાંત મોરેશિયસના અગાલેગા ટાપુ પર ભારતે એર સ્ટ્રીપ અને જેટી બનાવી છે. મોરેશિયસ યુકેના તાબા હેઠળનો પ્રદેશ છે અને ભારતીયોની બહુમતી છે તેથી ભારત માટે વફાદાર મિત્ર છે. મોરેશિયસથી ભારત ચીનની હિલચાલ પર નજર રાખી શકે છે. ભારત બંગાળની ખાડી અને મલક્કા સ્ટ્રેટ પર નજર રાખવા માટે આંધ્રપ્રદેશના રામબિલી ગામમાં નેવલ બેઝ **'INS વર્ષા'** બનાવી રહ્યું છે. નેવીની ન્યુક્લિયર સબમરીન અહીંથી કામ કરશે તેથી ભારતનું સુરક્ષા કવચ મજબૂત બનશે. આ ઉપરાંત અંદામાન અને નિકોબાર ટાપુઓ પર આર્મી, એરફોર્સ અને નેવીની ટ્રાય-કમાન્ડ બનાવવામાં આવી છે કે જેથી ચીનની ગતિવિધિ, બંગાળની ખાડી અને મલક્કા સ્ટ્રેટ પર નજર રાખી શકાય છે.

ભારત સરકાર બીજાં પણ જાહેર ના કરી શકાય એવાં પગલાં લઈ જ રહી હશે તેથી દેશનાં લોકોએ ચિંતા કરવાની જરૂર નથી પણ આ ઘટનાક્રમ ચીનની લુચ્ચાઈને છતી કરે છે. ચીન ભારત સાથે દોસ્તીની વાતો કરે છે પણ તેને દોસ્તીમાં નહીં પણ ભારતને નુકસાન કરવામાં અને ભારતનો પ્રદેશ પડાવી લેવામાં જ રસ છે તેનો આ વધુ એક પુરાવો છે. ■

sanjogpurti@gmail.com

# કેળનું થડ
## અને મારા મગજમાં થયેલો 'બિગ બેંગ' ધડાકો





ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા

વિશ્વમાં જ્યારે જ્યારે મહાન શોધો થઈ છે, ત્યારે કોઈક અજીબોગરીબ ઘટના જ જવાબદાર રહી છે. આર્કિમિડીઝ બાથટબમાં નાહતા હતા ત્યારે તેમને 'યુરેકા' સૂઝ્યું, ન્યુટનભાઈ સફરજનના ઝાડ નીચે બેઠા હતા અને એક સફરજન તેમના માથા પર પડ્યું અને આખી દુનિયા બદલાઈ ગઈ. મને તો એમ લાગે છે કે ન્યુટનભાઈએ તો ખોટા નાટક કર્યા હતા, કારણ કે જો ખરેખર સફરજન પડ્યું હોત તો તેઓ ગુરુત્વાકર્ષણ શોધવાને બદલે દુખાવો ઓછો કરવા માટે આઈસપેક શોધતા હોત! પણ મારી વાત સાવ અલગ છે. મારી આ શોધ કોઈ સફરજન કે નાહવાના ટબમાં નથી થઈ, પણ મારા પોતાના બગીચામાં કેળના ઝાડ સાથે થયેલા એક ભીષણ મુકાબલા દરમિયાન થઈ છે. બગીચામાં કેળના ઝાડ કાઢવાની મારી પવિત્ર કામગીરી ચાલુ હતી. એક હાથમાં કોશ અને બીજા હાથમાં દુનિયાભરનો કંટાળો લઈને હું કેળના થડ પર પ્રહાર કરી રહ્યો હતો. અચાનક, મારી કોશનો એક જોરદાર ઘા યોગ્ય નિશાને વાગવાને બદલે જરાક વિચલિત થયો અને કેળના થડનું એક મોટું ચોસલું એવું તો સફાઈબંધ અલગ થયું કે જાણે કુદરતે મને કોઈ મહાન રહસ્ય આપવા માટે ખાસ અલગ કાઢીને રાખ્યું હોય!

મેં તે સફેદ, કુંવરપાઠા જેવું ચમકતું ચોસલું હાથમાં લીધું. કોઈ સામાન્ય માણસ હોત તો તેને કચરો સમજીને ગટરમાં નાખી દેત, પણ મારે તો ન્યુટનના લોહીના સંબંધી જેવી જિજ્ઞાસા હતી. મેં તે ટુકડાને આમ જોયો, તેમ જોયો, સુંઘ્યો અને જેવો મેં તેનો એક ટુકડો દાંત નીચે દબાવ્યો, એટલે મારા મગજમાં ઝબકારો થયો બરાબર એવો જ ઝબકારો જે ન્યુટનભાઈને સફરજન પડ્યા પછી થયો હતો! મેં મનમાં જ ઘોષણા કરી દીધી કે આજે દુનિયાને એક નવી ભેટ મળવા જઈ રહી છે. આ ચોસલું મને સુરણ જેવું લાગ્યું. હવે સુરણનું શાક એટલે તો રજવાડાનું ભોજન, અને મારા હાથમાં હતું કેળનું થડ! મેં તરત જ રસોડા તરફ પ્રયાણ કર્યું, જાણે કોઈ યુધ્ધ જીતીને ઘરે પાછા ફરતો હોય. રસોડામાં પહોંચીને મેં તેલમાં રાઈ-જીરુંનો એવો વઘાર કર્યો કે આખા પડોશમાં સુગંધ ફરી વળી. (જોકે અમારા પડોશી તરીકે આસપાસના એક કિલોમીટર સુધી રહેવા માટે કોઈ રાજી નથી કારણ કે અમે આવીને આવી ખતરનાક શોધો કરતા રહીએ છીએ.) મારા આત્મવિશ્વાસનું સ્તર તો એવું હતું કે જાણે હું કોઈ નોબેલ પ્રાઈઝ લેવા જઈ રહ્યો હોઉં!

શાક તૈયાર થયું ત્યારે તેનો રંગ, તેની સુગંધ અને તેમાંથી આવતી વરાળ બધું જ કોઈ ફાઈવ સ્ટાર હોટલની વાનગીને શરમાવે તેવું હતું. મેં જેવું પહેલું બટકું ભર્યું, કેળના થડમાં રહેલા તે કડક-કડક રેસાઓ મારા દાંત સાથે જે રીતે ટકરાયા, તે અહેસાસ જ અદભૂત હતો! એ કડકડાટ મારા કાને નહીં, પણ સીધો મારા આત્માને સ્પર્શી ગયો. મને સમજાયું કે ન્યુટનભાઈ તો ખાલી એક સફરજનના લીધે પ્રખ્યાત થઈ ગયા, પણ મારી આ શોધમાં તો પરસેવો, મહેનત અને બગીચાની માટીની મહેક ભળેલી છે. મેં વિચાર્યું કે દુનિયા તો મને પાગલ કહેશે, પણ જગતના મહાન સંશોધકોને પણ શરૂઆતમાં લોકો પાગલ જ કહેતા હતા. વુડહાઉસના તે જિગીશુ પાત્રોની જેમ મેં પણ મારી આ શોધને એક નવી ઊંચાઈ પર મૂકી દીધી હતી. મેં તો એવો દાવો પણ કરી દીધો કે હું જ વિશ્વનો પ્રથમ શોધક છું, પણ પછી મને ખબર પડી કે દક્ષિણ ભારતમાં તો લોકો આને રોજનું શાક માનીને ખાય છે. અરે રે, મારા અરમાનો પર દક્ષિણ ભારતીય લોકોએ પાણી ફેરવી દીધું!

પરંતુ શું ફરક પડે છે? ભલે વિશ્વમાં કોઈ ખાતું હોય, પણ મારા માટે તો આ શોધ આજે જ થઈ હતી. કેળના થડમાં પોટેશિયમ, વિટામિન, ફાઈબર આટલું બધું પૌષ્ટિક તત્વ હોવાની મને ક્યાં ખબર હતી? મેં તો વિચાર્યું હતું કે આ ફક્ત એક લાકડું છે, પણ તે તો ખરેખર કુદરતનું બનાવેલું એક 'સુપર ફૂડ' નીકળ્યું. આયુર્વેદ અને વિજ્ઞાન બંને તેની પાછળ પાગલ છે, એ જાણીને તો મારો વટ વધી ગયો. હવે હું જ્યાં પણ જઈશ ત્યાં એક 'શાક શોધક' તરીકે જ ઓળખાઈશ. કોઈ પૂછશે કે શું કર્યું છે જિંદગીમાં? તો હું ઠાઠથી કહીશ કે ન્યુટને તો બસ ગુરુત્વાકર્ષણ શોધ્યું હતું, મેં તો કેળના થડમાંથી સ્વાદિષ્ટ શાક શોધ્યું છે! મારો આ પ્રયોગ હવે મારા ઘરનું કાયમી મેન્યુ બની ગયું છે. કેળનું ઝાડ ફળ આપી દે અને સુકાઈ જાય, ત્યારે લોકો તેને કાપીને ફેંકી દે છે, પણ હવે મારા ઘરમાં તો તે ફેંકાશે નહીં, સીધું રસોડામાં આવશે!

સાચું કહું તો, આ શોધે મને એક નવો દ્રષ્ટિકોણ આપ્યો છે. જિંદગીમાં ઘણી બધી વસ્તુઓ આપણી આસપાસ જ હોય છે, આપણે બસ તેને જોવાની દ્રષ્ટિ કેળવવાની હોય છે. કેળના થડને કચરો માનનારા લોકો અને તેને શાક તરીકે જોનારા મારી જેવા શોધક વચ્ચેનો આ જ તો તફાવત છે. હું તો હવે મારા મિત્રોને પણ કહીશ કે ભાઈઓ, કેળના થડ ફેંકતા નહીં, શાક બનાવજો! ન્યુટનભાઈએ સફરજનથી ગણિત શીખવ્યું, અને મેં કેળના થડથી જીવનનો સ્વાદ શીખવ્યો. હવે જ્યારે પણ હું બગીચામાં જઈશ અને કેળના ઝાડને જોઈશ, ત્યારે મને તેમાં ફળ કરતાં શાક વધારે દેખાશે. આ છે મારી શોધનો જાદુ! છેલ્લે તો એટલું જ કહીશ કે જો કોઈ માણસને ખરેખર જીવતા શીખવું હોય, તો તેણે ક્યારેક ક્યારેક આવી અજીબ શોધો કરવી જોઈએ. આ કેળના થડનું શાક ખાતી વખતે જે આનંદ આવ્યો છે, તે તો શબ્દોમાં વર્ણવવો અશક્ય છે. જે લોકોએ આ હજુ સુધી નથી ચાખ્યું, તેઓ ખરેખર દુનિયાની એક અદ્ભુત વસ્તુથી વંચિત છે. હવે તમે જ કહો, શું મારી આ શોધ ન્યુટનની શોધથી કોઈ રીતે ઉતરતી છે? મારા મતે તો નહીં જ! આ શાક એટલે કેળના થડનો વિજય અને મારી રસોઈની એક નવી સિધ્ધિ છે.

naranbaraiya277@gmail.com

# ચોમાસાની ઋતુમાં સાવચેતી અનિવાર્ય છે...





સામાજિક અને શૈક્ષણિક
ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

ભારત મોસમી આબોહવાનો દેશ છે. ચોમાસાની ઋતુ દરમિયાન વરસાદ પડે છે જેના કારણે અનેક જગ્યાએ કાદવ, કિચન અને પાણીના ભરાવવાનો પ્રશ્ન ઉદભવતો હોય છે. ગામડાઓમાં તો મોટાભાગે પાણીના પ્રવાહની વ્યવસ્થા નીચાણવાળા વિસ્તારમાં હોવાથી તળાવમાં અથવા જમીનમાં પાણી ઉતરી જતું હોય છે.નાળાઓના માર્ગે નાની નદીથી મોટી નદીઓ સુધી પાણી પહોંચી જતું હોય છે. સરકારે ગામડાઓમાં ચેકડેમ બાંધીને ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં બચાવવા માટે એક સારું અભિયાન ઊભું કરેલું છે. ચોમાસાનું મોટા ભાગનું ૯૦ થી ૯૫ ટકા પાણી સાગર મહાસાગરમાં ચાલી જાય છે. મીઠું પાણી ખારું બની જાય છે એટલે ગામડાના તળાવ અથવા તો ડેમો યોગ્ય રીતે સારા પાણીથી ભરાય તે આવનાર સિઝન માટે ખૂબ જરૂરી છે. પાણી ભરાવાના કારણે ભૂમિગત જળનું સ્તર ઊંચું આવે છે. જેથી બોર અને કુવાઓમાં પાણી ઊંચા આવે છે અને રવિ અને ઝાયદ પાક સારા લઈ શકાય છે. પાણીના બચાવ માટે પ્રયાસ કરવો જોઈએ. ચોમાસાનું પાણી એકદમ ચોખ્ખું અને પીવા લાયક હોવાથી તેનું સંવર્ધન કરવું તે આજના સમયની તાતી જરૂરિયાત છે.દરિયામાં ગયેલું પાણી ખારુ પાણી થઈ જાય છે એટલે પીવાના પાણી માટે ચોમાસા દરમિયાન વર્ષેલુ પાણી ડેમ તેમજ તળાવો યોગ્ય પ્રમાણમાં ભરાવવા જોઈએ અને તેની આજુબાજુ વૃક્ષારોપણ થવું જોઈએ. જેથી પર્યાવરણીય પ્રશ્નો ઉદભવે નહીં. આજે સૌથી મહત્વનો પ્રશ્ન પાણીની શુદ્ધતાનો છે.ખેડૂતો માટે ચોમાસાની ઋતુ અગત્યની છે. જગતના તાત વાવણી કરવા માટે ચોમાસાની ઋતુની ચાતકની ગોળે રાહ જોતા હોય છે. ઘણી વખત અતિવૃષ્ટિના કારણે ઉત્પાદન થયેલો પાક નુકસાન પામે છે.આવા સમયે સરકારે ખેડૂતોને નુકસાનનું વળતર આપવું જોઈએ. પાણીના ભરાવાના કારણે મચ્છરનો ઉપદ્રવ થાય છે.જેના કારણે બીમારી ફેલાય છે. શહેર સુધરાઈમાં મ્યુનિસિપાલિટી દ્વારા ગટર વ્યવસ્થા ઘણી વખતે એટલી બધી પ્લાનિંગ વગરની હોય છે કે દરરોજ ઘણા બધા વિસ્તારોમાં ગટર ઉભરાતી હોય છે. વરસાદના સમયે તો તળાવ જેવો માહોલ અનેક વિસ્તારોમાં જોવા મળે છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કેટલાક રસ્તાઓ ડામરથી તૈયાર કરે છે અને પછી પાછા તોડે છે અને ગટર વ્યવસ્થાનું કામ કરે છે. જ્યારે રોડ જ બનવાનો હોય તે સમયે પૂર્વ આયોજનથી ૨૫ વર્ષના પ્લાનિંગથી શા માટે ગટર, પાણી વગેરેની લાઈન નાખવામાં આવતી નથી? લોકોના પૈસેથી કોન્ટ્રાક્ટર અને અધિકારીઓ લહેર કરે છે.ચોમાસા દરમિયાન શહેરોમાં એટલો બધો ટ્રાફિક અને પાણીનો ભરાવો જોવા મળે છે જે માટે મ્યુનિસિપાલટીનું બેદરકારી ભરેલું વરવું આયોજન જોવા મળે છે. કેટલીક જગ્યાએ ગટરના ઢાંકણા ટુટેલા હોય છે. વીજળીના પોલ માં વાયરો ખુલ્લા હોય છે. કેટલાકને શોર્ટ સર્કિટના કારણે મોતનો ભોગ બનવું પડે છે. આવા સમયે જાહેર માર્ગમાં તેમજ ઈલેક્ટ્રીકની લાઈનોને ચોમાસાના સમયગાળા દરમિયાન કોઈપણ વ્યક્તિએ સ્પર્શ કરવો જોઈએ નહીં. ગમે તેટલો વરસાદ પડે યોગ્ય જગ્યાએ પાણીનો નિકાલ ન થાય તો તેનો કોઈ અર્થ ખરો? પેરીસ અને અન્ય શહેરો સાથે તુલના કરવા પૂર્વે શહેરની સુખાકારી અને જાહેર વ્યવસ્થા ઝડબે સલાક હોવી જોઈએ. સરદાર પટેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રમુખ હતા ત્યારે તેમણે રોડ, રસ્તા, પાણી અને ગટર વ્યવસ્થા માટે તે સમયે જે વ્યવસ્થા કરેલી તે આજના કોર્પોરેશનને અમલ કરવાની જરૂર છે. અમદાવાદમાં પડેલા અતિશય વરસાદમાં રાત્રે પોતાના ઘરેથી નીચાણવાળા વિસ્તારમાં રૂબરૂ મુલાકાત લેવા માટે નીકળી પડતા પ્રમુખ આજે કોર્પોરેશનમાં છે?નગરસેવક તરીકે પ્રજાના વોટની કિંમત સુખાકારી આપીને ચૂકવવાની હોય છે. પ્રજાના ટેક્સના પૈસેથી એ.સી. ચેમ્બરોમાં બેસીને જે મોજ કરો છો તે કેટલા અંશે યોગ્ય છે? પ્રજાને સુવિધા આપવા માટે પ્રિમોન્સુન પ્લાન ક્યારે સફળ થયો છે?

ચોમાસાના સમયગાળા દરમિયાન શહેર અને ગામડાઓમાં લાઈટની વ્યવસ્થા માટે હાથ વગી બેટરી તેમજ જરૂરી દવાઓ, કરિયાણું ભરી રાખવું જોઈએ. ચોમાસા દરમિયાન ઈલેક્ટ્રીક સ્વીચ બોર્ડ પર પ્લાસ્ટિકની થેલી સેલોટેપથી ચોંટાડી દેવી જોઈએ. જેથી શોર્ટ સર્કિટ થાય નહીં. બીના હાથે ઈલેક્ટ્રીક ઉપકરણને સ્પર્શ કરવો જોઈએ નહીં.કેટલાક બાળકો ગામડાઓમાં થાંભલા ના જે પ્રોટેક્શન માટે નાખેલા ઈલેક્ટ્રિક વાયરો સાથે સંપર્કમાં આવતા હોય છે ત્યારે અર્થિંગ લાગતા શોર્ટ સર્કિટ થતું હોય છે તે પૂર્વે જીઈબીએ સમારકામ કરાવી લેવું જોઈએ. જેથી ગંભીર ઘટના બને નહીં.બિનજરૂરી ઘરેથી પાણી જોવા કે વરસાદના માહોલમાં બહાર રખડવા જવું જોઈએ નહીં.ખનન પ્રવૃત્તિના કારણે ગામડાઓના તળાવો અને નદીઓ એટલી બધી ઊંડી બની ગઈ હોય છે કે કેટલાક લોકો પાણીમાં ડૂબી જાય છે. આપણે દરરોજ ઘરે સ્નાન કરીએ છીએ તો નદીમાં ન્હાવા જવાની કોઈ જરૂર નથી. મચ્છરનો ઉપદ્રવ થાય તો થોડુંક કેરોસીન પાણીમાં નાખી દેવું જોઈએ જેથી રોકચારો ફેલાય નહીં.ચોમાસામાં ઉકાળેલું પાણી પીવું જોઈએ. ખેતરોમાં સર્પ અને અનેક જનાવરો નીકળવાની સંભાવના હોય છે તે પૂર્વે હાથમાં લાઈટ અને પગે પ્લાસ્ટિકના મોટા બુટ પહેરીને ખેતરમાં ફરવું જોઈએ. ગુજરાતમાં મોટાભાગે બિન ઝેરી સાપ હોય છે. કદાચ ડંખ મારે તો સરકારી દવાખાને તરત જ ટ્રીટમેન્ટ લેવા પહોંચવું જોઈએ અને જે જગ્યાએ ડંખ માર્યો હોય તેની આગળ ફીટ દોરી બાંધીને લોહીનો પ્રવાહમાં બંધ કરી દેવો જોઈએ.મોટાભાગના લોકો ગભરાઈને મરી જાય છે. ચોમાસાના સમયગાળા દરમિયાન ઘણી વખતે પાણીનો પ્રવાહ એટલો બધો ભારે હોય તે વખતે ગાડી અથવા તો બાઈક પાણીમાં નાખીને બહાદુરી બતાવવાની જગ્યાએ ઉપર જવાની તૈયારી કરતા હોઈએ છીએ એટલે આવા સાહસ કરવાની જરૂર છે નહીં.ચોમાસાના સમયગાળા દરમિયાન ઘરમાં પણ સ્વચ્છતા રાખવી જોઈએ. ઠંડુ કે વાસી કોઈપણ પ્રકારનો ખોરાક ખાવો જોઈએ નહીં.ગરમ કરીને જ આરોગવો જોઈએ.ચોમાસા દરમિયાન ચાલુ વરસાદે ઝાડ નીચે ઉભા રહેવું જોઈએ નહીં. વીજળી પડવાની શક્યતા ઝાડ ઉપર અથવા તો મોબાઈલના રેડીએશનના કારણે ત્યાં પડવાની શક્યતા રહેલી હોય છે એટલે સલામત જગ્યાએ ઊભા રહેવું જોઈએ.બાળકોને શાળાએ મોકલતી વખતે કપડાની જે થેલી હોય તેની અંદર પ્લાસ્ટિકની બેગમાં પાઠ્યપુસ્તકો મૂકીને આવવા જોઈએ જેથી પલળી જવાની શક્યતા ઓછી રહે. વધારે વરસાદ હોય એટલે સરકારે સૂચના જ આપેલી છે કે આચાર્યશ્રીએ વિવેક બુધ્ધિ વાપરીને તે સમયે શાળામાં બાળકોને બોલાવવાનો આગ્રહ રાખવો જોઈએ નહીં. બાળકો છે તો જ શાળા છે. આવા સમયે વિવેક અનિવાર્ય છે. ચોમાસા દરમિયાન ગંદકી ન થાય તેની તકેદારી રાખીએ અને વરસાદના પાણીનો યોગ્ય નિકાલ થાય તેનું સંવર્ધન થાય એવા પ્રયાસો કરવા જોઈએ.જગતનો તાત વરસાદના કારણે સુખી છે. વાવાઝોડું અને પૂર વચ્ચે મદદ કરવી જોઈએ.બિનજરૂરી સોશિયલ મીડિયા ઉપર ખોટા સમાચાર પ્રસારિત કરવા જોઈએ નહીં. વાવાઝોડા વખતે પુષ્કર વરસાદ પડતો હોય તેવા સમયે બહાર જવાનું ટાળવું જોઈએ. સલામત જગ્યાએ ઘરે રહેવા પ્રયાસ કરવો જોઈએ.બેટમાં ફેરવાઈ ગયેલા વિસ્તારોમાં સત્વરે જીવન જરૂરિયાતવાળી ચીજવસ્તુઓ મોકલવી જોઈએ. આરોગ્ય ટીમ દ્વારા દવાનો છંટકાવ અને સ્વચ્છતા અભિયાન વ્યાપક બનાવવું જોઈએ.જેથી જાહેર સુખાકારી વ્યાપક બનાવી શકાય. ■

Mo.9825702282

# શારીરિક સ્વાસ્થ્ય, પોષણ અને યોગ વિષે જાણો



૩. યોગનું મહત્વઃ

વિશ્વ યોગ દિવસ દર વર્ષે ૨૧ જૂનના રોજ ઉજવવામાં આવે છે.

યોગ શરીર, મન અને આત્મા વચ્ચે સંતુલન સ્થાપિત કરવાની પ્રાચીન પદ્ધતિ છે.

યોગ એ માત્ર શારીરિક કસરત નથી, પરંતુ શરીર, મન અને આત્મા વચ્ચે સંતુલન અને સુમેળ સ્થાપિત કરવાની એક પ્રાચીન ભારતીય જીવનપધ્ધતિ છે. ×યોગ× શબ્દ સંસ્કૃતના ×યુજ× ધાતુ પરથી આવ્યો છે, જેનો અર્થ જોડવું, એકતા સ્થાપિત કરવી અથવા સંકલન કરવું થાય છે. યોગ દ્વારા વ્યક્તિ પોતાના શરીર, મન અને ચેતનાને એકાગ્ર બનાવીને સ્વસ્થ અને સંતુલિત જીવન જીવી શકે છે.

યોગનો ઈતિહાસ

યોગની શરૂઆત હજારો વર્ષો પહેલાં ભારતમાં થઈ હતી. પ્રાચીન ઋષિઓએ ધ્યાન અને સાધના દ્વારા યોગની પદ્ધતિઓ વિકસાવી હતી. યોગના સિધ્ધાંતોને વ્યવસ્થિત રીતે રજૂ કરવાનું શ્રેય મહર્ષિ પતંજલિને આપવામાં આવે છે, જેમણે યોગસૂત્ર દ્વારા યોગના મૂળભૂત સિધ્ધાંતો સમજાવ્યા.

યોગના મુખ્ય પ્રકારો

૧. રાજયોગ

મન અને ચિત્તના નિયંત્રણ પર ભાર મૂકે છે.

ધ્યાન અને સમાધિ દ્વારા આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાનો માર્ગ છે.

૨. હઠયોગ

આસન, પ્રાણાયામ અને શારીરિક શુધ્ધિ પર આધારિત છે.

શરીરને મજબૂત અને લવચીક બનાવે છે.

૩. કર્મયોગ

નિઃસ્વાર્થ કર્મ અને ફરજનું પાલન કરવાનું શીખવે છે.

ફળની અપેક્ષા વગર કાર્ય કરવાની પ્રેરણા આપે છે.

૪. ભક્તિયોગ

ઈશ્વર પ્રત્યે પ્રેમ, શ્રધ્ધા અને સમર્પણનો માર્ગ છે.

૫. જ્ઞાનયોગ

જ્ઞાન, વિચાર અને આત્મચિંતન દ્વારા સત્યની શોધ કરાવે છે.

અષ્ટાંગ યોગના આઠ અંગો

મહર્ષિ પતંજલિએ યોગના આઠ અંગો દર્શાવ્યા છેઃ

યમ – નૈતિક નિયમો (અહિંસા, સત્ય, અસ્તેય વગેરે)

નિયમ – વ્યક્તિગત શિસ્ત (શૌચ, સંતોષ, તપ વગેરે)

આસન – શરીરને સ્થિર અને સ્વસ્થ રાખતી મુદ્રાઓ

પ્રાણાયામ – શ્વાસનું નિયંત્રણ

પ્રત્યાહાર – ઈન્દ્રિયોનું નિયંત્રણ

ધારણા – મનને એકાગ્ર કરવું

ધ્યાન – સતત એક વિષય પર મન કેન્દ્રિત રાખવું

સમાધિ – સંપૂર્ણ એકાગ્રતા અને આત્મસાક્ષાત્કારની અવસ્થા

યોગના લાભો

શારીરિક લાભો

શરીરની લવચીકતા અને સંતુલન વધે છે.

સ્નાયુઓ મજબૂત બને છે.

પાચનક્રિયા સુધરે છે.

રક્તપરિભ્રમણ સારું રહે છે.

વજન નિયંત્રિત રાખવામાં મદદ મળે છે.

માનસિક લાભો

તણાવ અને ચિંતા ઘટાડે છે.

એકાગ્રતા અને સ્મરણશક્તિમાં વધારો કરે છે.

મનને શાંતિ અને સ્થિરતા આપે છે.


ઊંઘની ગુણવત્તા સુધારે છે.

આધ્યાત્મિક લાભો

આત્મવિશ્વાસ અને આત્મજાગૃતિ વધે છે.

આંતરિક શાંતિનો અનુભવ થાય છે.

જીવન પ્રત્યે સકારાત્મક દૃષ્ટિકોણ વિકસે છે.



વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર


યોગ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો

યોગ ખાલી પેટે અથવા ભોજન પછી ઓછામાં ઓછા ૩ કલાક બાદ કરવો.

આરામદાયક અને ઢીલાં કપડાં પહેરવા. સ્વચ્છ અને શાંત સ્થળ પસંદ કરવું. . (ક્રમશઃ)

hemangidmehta@gmail.com

# છૂટાછેડા.. છૂટાછેડા.. છૂટાછેડા..!! આ શું છૂટાછેડાની પારાયણ માંડી છે ?



છૂટાછેડા.. છૂટાછેડા.. છૂટાછેડા..!! આ શું છૂટાછેડાની પારાયણ માંડી છે? છૂટાછેડા કરવાં માટે પહેલાં લગન તો કરવાં દો. લગન વગર કોની હારે અને કેવાં છૂટાછેડા કરવાં? કોઈનાં ઘરમાં વાસણ ખખડતા હોય તો એનાં સંભવિત છૂટાછેડા આપણે આપણાં નામે થોડાં ચડાવી દેવાય છે? '

'તમારે તો પેન હાંકતા ક્યાં વાર જ લાગે છે. લગનની લાઈનમાં આવો તો ખબર પડે. અમારી હાચી ખોટી વાત તો ક્યાંય હકાવતા નથી. અને ઘા ઉપર મીઠું જ ભભરાવો છો?'

તો કોઈકે કહ્યું 'પહેલાં લગન તો થાવા દ્યો. પછી ડબલ તો શું ત્રણ ગણો છૂટાછેડામાં ખરસો કરવો પડશે ને તો'ય કરીશું. પણ એ પછીની વાત છે. પહેલાં લગન.'

તો કોઈકે રોષ ઠાલવ્યો કે, 'લગનના લાડુ ભલે લાકડાનાં હોય! પણ અમારે એક વખત એ લાડુ ચાખવા છે. પછી ભલે એ હળી ગયેલાં લાકડાનાં લાડુ કેમ નો હોય!!'

(હવે એને કોણ સમજાવે કે, પેન હાંકયા પછીય એ લખેલાં થોથાને છપાવવા અમારે'ય મો..ટી લાઈન લાગે છે.અને તંત્રીઓ કન્યાનાં બાપ કરતાં'ય કડક હોય છે.)

આવાં છૂટાછેડાના થોકબંધ ફોન કોલ આવી રહ્યા હતાં. બનેવીલાલ એટલે જ નિરાશા ઓઢીને બેઠાં હતાં. 'મેં આવો છૂટાછેડાનો ગંભીર વિષય ક્યાં છેડ્યો. નાહકનો સાપની પૂંછડી ઉપર પગ મૂકી દીધો.



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

પરંતુ અમથાલાલ ભારે ખેપાની.'

'બનેવીલાલ! એમાં મૂંઝવણમાં મુકાવાનું નો હોય. આવું વાંચીને ઘણાંને મરચાં લાગ્યાં હશે. એમ ઘણાંય સેન્ડવીચ બનીને જીવતાં પતિ ગયેલાં પતિ દેવોને છૂટાછેડા હાંભળીને હરખેય થયો હશે. પણ બિચ્ચારો ગભરુ જીવ બોલી હકતો નહીં હોય.

અને બચાડા રહી ગયેલાં હંધાય હાઢુભાઈ પ્રત્યે આપણને હમદર્દી છે. એ આપણી જ ન્યાતના છે. મતલબ આપણાં કરતાં'ય હારુ જીવન જીવે છે.

છતાંય જો એને આપણી અદેખાઈ હોય. આપણી પ્રત્યે ફરિયાદ હોય તો.. એને કહી દો..!'

'શું કહી દઉં? તમારે થાય એ કરી લો. એમ??'

'ના..આ..આ..! આપણે થોડું પીળું પત્રકારત્વ લયને બેઠાં છીએ. કે આપણી પાસે થોડો વાયુ વાતુ લઈ આવે છે. આપણી પાસે તો નક્કર પુરાવાઓ હોય છે.સાબિતીઓના ઢગલાંઓ હોય છે.'

'તો પછી શું કહી દેવાનું છે?'

'હમણાં જ સ્પેનમાં 'ઈબિઝાની' એક ૩૮ વર્ષની છોકરી/ એક મોડેલ (ફોટો જૂઓ)'બોની લોકેડ' એક વરરાજા વગર. મતલબ પુરુષ વગર લગન કરી રહી હતી ત્યારે તમે હંધાય ક્યાં હતાં?'

બનેવીલાલને થયું, 'અભણ અમથાલાલનો'દિ આજે કંઈ બાજું ઊગ્યો છે? વરરાજા વગરની જાન હોય? અને માની પણ લઈએ કે વરરાજા વગરની જાન જોડી. પણ!? વરરાજા વગરનાં લગન હોય? અને હોય તો કોની હારે હોય??'

'અમથાલાલ! તમે કદાચ હાચા હશો. પણ લોકો માનશે? ૩૮ વર્ષની બોની લોકેડ પરણી કોની હારે?'

'બનેવીલાલ! અહીં લગનમાં હોય એવું હંધૂય હતું. એક સરસ મજાનો બીચ હતો. ગણ્યા ગાંઠ્યાં લોકોનો આ સમારોહ હતો. કન્યાનો વેડિંગ ડ્રેસ જ ૪૮ લાખનો હતો. હીરા ઝડીત ઘરેણાઓ હતાં.'

બનેવીલાલે વચ્ચે જ પૂછી લીધું.

'આટલો જાજરમાન સમારોહ હોય પછી જમણવારની ડીસમા શું કાંઈ ઘટે? શું.. શું.. જમવાનું હતું?'

'બનેવીલાલ! ગુજરાતી હોય એટલે જમવાનું પહેલાં પુછે.'

'તે..એ..એ..! જમવાનું જ પુછે ને. વરરાજાને પરણવામા રસ હોય. બન્નેનાં મા બાપને પરણાવવામાં. જાનૈયાને તો ખાવામાં જ રસ હોય ને!! પણ અહીં તો વરરાજો જ નહોંતો. પછી શું થયું હશે?'

'હું એટલે જ કહું છું કે, આપણાં હંધાય વાંઢાભાઈઓ ક્યાં ગયાં હતાં? જ્યારે બોની લોકેડ એકલી એકલી પરણી રહી હતી. જયારે લખમી/ લોકેડ ચાંદલો કરવા આવી ત્યારે જ હંધાયને મોઢું ધોવાનું હાંભર્યું?'

'હવે ઈ તો દલાલ ભાઈઓને જ પુછવું પડે કે , આ હંધાયને તમે ક્યાં લઈ ગયાં હતાં? દાહોદ/ ગોધરા કે પછી એમ. પી. ની ખેપ મારી!??

પણ આ સ્પેનની છોકરી બોની લોકેડ એકલી એકલી કેમ પરણી? એને શા માટે આવું પગલું ભરવું પડ્યું?'

'બોની લોકેડ એક પ્રખ્યાત કમાતી ધમાતી મોડેલ હતી. એ એમનાં પ્રેમી સાથે જ પરણવાની હતી. એટલે જ તો બીચ બુકિંગ કરાવ્યો. ૪૮ લાખનો વેડિંગ ડ્રેસ પહેર્યો. પણ..! ખરાં ટાઈમે જ 'ભગરી ભેંહે પાડો જણ્યો 'માફક એનો પ્રેમી પરણવા નો આવ્યો. એણે ખૂબ કોશિશ કરી પણ કોઈ તૈયાર નો થયું. છેવટે એમણે વિચારી નો શકાય એવો નિર્ણય લીધો. એક મોટો અરીસો મંગાવીને ખુદની હારે જ લગન કર્યા.'

તોં..ઓ.. હેં.. અમથાલાલ! આ નવાં લગન કહેવાય. આવાં લગનને શું કહેવાય?

'હાલ તો 'સોલોગેમી 'તરીકે આખાં વિશ્વમાં ચર્ચા થઈ રહી છે.' ■

kalubhaibhad123@gmail.com

# માનવીય સંબંધોનું ઘાતક શસ્ત્ર ચાડી – ચુગલી



આવું કહીને ટીનાને સાસુજી વિરુધ્ધ ઉશ્કેરી અર્થાત્ ચઢાવી. હવે, ખરેખર તો ટીનાના સાસુ બિચારા સહજભાવે વાત કરતા હતા, તો પછી, જિજ્ઞાએ વાતને વધારીને કહેવાની શું આવશ્યકતા હતી? બલ્કે, કોઈની વાતો સાંભળવાની પણ ક્યાં જરૂર હતી?

ટીનાએ ઘેર જતાં વેંત જ સાસુ સાથે ઝઘડો કર્યો. પતિ ચિંતન ઘેર આવ્યો, એટલે તેનેય ચઢાવ્યો અને પોતે સાસુ સાથે બોલવાનું બંધ કર્યું. ધીમે ધીમે તકરાર એટલી હદે વધવા પામી કે, ચિંતનને પોતાની જ માતાથી અલગ થવું પડ્યું. જિજ્ઞાની આ ચાડી એ સાસુ-વહુના મીઠા સંબંધોમાં તિરાડ જ ન પાડી, બલ્કે, બે ટુકડા જ કરી નાંખ્યા. ચુગલીખોર સ્ત્રીઓ કેવી હોય છે... અને, તેમના કરતૂતોને કારણે સુખી પરિવારોની દશા કેટલી ખરાબ થાય છે, તે આવી સ્ત્રીઓને કેમ સમજાતું નહીં હોય..! કેટલાય કિસ્સાઓ ના પરિવારોમાં વિખવાદ પડાવવામાં આવી સ્ત્રીઓ મહત્વનો ભાગ ભજવતી હોય છે. ચાડી-ચુગલી કરવાની કુટેવ સ્ત્રીઓમાં વધુ પડતી જોવા મળે છે. 'કોણ શું કરી રહ્યું છે.', 'કોણ ક્યાં ગયું છે?', 'ફલાણી કેટલા દિવસથી પિયર કે સાસર ગઈ છે,', 'કોણ કોને શું કહેતું હતું? એના ઘરે કોણ આવ્યું હતું?', 'એના પરિવારમાં કેવા પ્રકારના કજીયા થાય છે?', 'એના ઘરમાં કોને-કોને મનમેળ નથી', 'એની પાસે કેટલી સાડી, ધનસંપત્તિ, દાગીના છે..?', 'એના ઘર કેટલા ભૌતિક સુખો છે?' વગેરે પ્રકારની ચર્ચા સ્ત્રીઓ કરતી હોય છે. જોકે, બધી જ સ્ત્રીઓ ચાડી-ચુગલીકર્તા હોતી નથી, પણ, કેટલીક સ્ત્રીઓ પોતે જ પોતાનો સ્વભાવ ચાડી-ચુગલીખોર બનાવી મૂકે છે.

ચાડી-ચુગલીખોર મહિલાઓ-યુવતીઓ માટે સોનેરી શિખામણોઃ

(૧) કોઈ ખાસ પ્રકારના પુરાવા વગર ચાડી કરવાની ટેવ ના રાખો.

(૨) તમારે મતલબ ન હોય તેવી સાચી ચાડી-ચુગલીમાંયે તમારે પડવાની કોઈ જ આવશ્યકતા નથી.

(૩) કોઈના પરિવારે, કોઈના મા-બાપને કે કોઈના પતિ-પત્નીને નુકસાન પહોંચાડે તેવી ચાડી-ચુગલી હરગીઝ ના કરશો.

(૪) ક્યારેક કોઈ વાત કહેવાની આવશ્યકતા જણાય તો ઘટના સમયની જ અક્ષરશઃ વાતો કરો, તેમાં વધારો કરવાની વૃત્તિ ના રાખો.


(૫) હકારાત્મક રૂપે થયેલી વાતોને નકારાત્મક રૂપે રજૂ ન કરો, આનાથી સામી વ્યક્તિઓનો મનમેળ તૂટવા પામે છે.

(૬) ભૂલથીયે એવી વાતો ન કરવી કે જેથી અર્થનો અનર્થ થઈ જાય.

(૭) કોઈની સાંભળેલી વાતોને અન્ય સુધી પહોંચાડવાનો આપણો લેશમાત્ર ધર્મ નથી. તેથી, આવી વણમાગી પંચાત ન કરો.

(૮) પારકી પંચાતમાં પડવાનું ટાળો, કેમકે, આપણે આપણને કે આપણા પરિવારને જ જોઈશું તો જણાશે કે, આપણી જ ઘણી પંચાત બાકી છે.

(૯) કોઈ વ્યક્તિની કોઈ વાત અન્યને કરવાનો પ્રસંગ બને તો..., જે વાત કરવાની હોય તે જ કરવી અન્ય ન કરવી..., રજૂઆત હકારાત્મક રાખવી, ઓછા શબ્દોમાં વધુ કહેવાય તે પધ્ધતિથી વાત કરવી.



જીવન તરંગ
જયસ્વી પટેલ

(૧૦) વ્યર્થ, ફાલતુ, લાંબી, અર્થહીન, સંબંધ વગરની કે કરવાખાતરની વાતો ક્યારેય ન કરો.

(૧૧) તમારી કે અન્યની પ્રતિષ્ઠા જોખમાય તેવી વાતો હરગીઝ ન કરો, કેમકે, કોઈ એક વ્યક્તિની પ્રતિષ્ઠાની અસર સમગ્ર કુટુંબ પર પડે છે.

(૧૨) જ્યાં ચાડી-ચુગલીની જરૂર જણાય અથવા ચાડી-ચુગલી કર્યા વિના ચાલે તેમ જ ના હોય અથવા ચાડી-ચુગલી થી કોઈનું હિત સચવાતું હોય અથવા ચાડી-ચુગલી કરવાથી કોઈનું ભલું થતું હોય તો.. પણ, મર્યાદામાં રહીને જ ચાડી-ચુગલી કરવી.

(૧૩) અન્યને નુકસાન પહોંચાડવાના, ઝઘડા કરાવવાના કે પોતાના મનોરંજન ખાતર ક્યારેય ચાડી-ચુગલી ન કરશો.

ચાડી-ચુગલી કરનાર સ્ત્રીને ક્યારેક હાસીપાત્ર, ક્યારેક કોઈની નિંદાને પાત્ર કે અપમાનિત થવું પડે છે. તેથી, મહિલાઓએ ચાડી-ચુગલીથી હંમેશા દૂર જ રહેવું જોઈએ. ■

sanjogpurti@gmail.com

# ગોળમટોળ પૂરી



કાકીએ વેલણ ફેરવ્યું 'સરરરર... સરરરર...' અને એકદમ ગોળમટોળ, જાડી-પાડી પૂરી તૈયાર થઈ. એક રસોડામાં કાકી મસાલેદાર બટાકાનું શાક બનાવતાં હતાં અને સાથે ગરમાગરમ પૂરી વણતા હતા.

કાકીએ એ પૂરીને ઉકળતા તેલની કડાઈમાં નાખી. પૂરીએ અંદર જઈને ડૂબકી મારી! પછી તેલની અંદર 'છમમમ... છમમમ...' કરતાં કરતાં એ તો દડાની જેમ ફૂલી ગઈ. પૂરીને કળાઈમાં ગરમી બહુ લાગી એટલે એણે કડાઈમાંથી બહાર કૂદકો માર્યો - ધૂમમમ!

પૂરી તો રસોડાના પ્લેટફોર્મ પર દળદળ દોડવા લાગી. કાકી ઝારો લઈને પાછળ દોડ્યાં, 'અરે ઊભી રહે! ક્યાં દોડે છે! તારા પર શાક મૂકીને મારે તને ખાવાની છે!'

પૂરી ઠેકડા મારતાં-મારતાં હસીને બોલી, 'ના કાકી ના! હું તો ચાલી પિકનિક મનાવવા... મને પકડી શકો તો પકડી લો!' અને પૂરી બારીમાંથી બહાર કૂદી પડી.

ફળિયામાં કલ્લુ કૂતરાભાઈ ઊંઘતા હતા. પૂરી એમના નાક પરથી ટપ્પો ખાઈને આગળ વધી! કાળુભાઈ ઝબકીને જાગ્યા અને બોલ્યા, 'ભોં ભોં! આ શું? ગરમ-ગરમ ગોળ દડો મને અડીને ક્યાં ગયો? અરે, આ તો પૂરી છે!' કાળુભાઈ પૂરીને ખાવા લાળ ટપકાવતા પાછળ દોડ્યા.

પૂરી ગુલાંટ ખાતાં-ખાતાં ગાવા લાગીઃ

''તેલમાંથી ભાગી હું!
કાકીથી ના પકડાણી હું!''

''અરે કાળુ ભાઈ, હું તમારા હાથમાં ક્યાંથી આવવાની? હું તો આ દોડી! પકડી શકો તો પકડી લો!''

ત્યાં તો રસ્તામાં મીની માસી મળ્યાં. પૂરીને દોડતી જોઈને એણે ઝાડ પરથી નીચે કૂદકો માર્યો - 'મ્યાઉં! આજે તો પૂરી-શાકની ઉજાણી!' પણ પૂરી તો બહુ ચાલાક. એ મીની માસીના બે પગની વચ્ચેથી સરરરર કરીને નીકળી ગઈ! મીની માસી ધબ્બ દઈને કાળુભાઈ સાથે ભટકાઈ ગઈ! બંને જણા રસ્તા પર ગોળ-ગોળ દોડ્યાં. પૂરી ખડખડાટ હસવા લાગી - 'હાહાહા! હીહીહી!'

દોડતાં-દોડતાં પૂરી બગીચામાં પહોંચી. ત્યાં એણે લપસણી જોઈ. પૂરીને તો બહુ મજા પડી ગઈ. તે લપસણી પર ચઢી ગઈ અને ઉપરથી નીચે આવી - 'ઝૂઝૂઝૂ... સરરરર...!' તે હવામાં ઊછળીને ઊંચી-ઊંચી કૂદવા લાગી અને બોલી, 'હું છું સુપર-પૂરી છું! મને કોઈ ન પકડી શકે! મને કોઈ ન પકડી શકે!'

બગીચામાં એક બેન્ચ પર ચીકુ બેઠો હતો. તે બહુ હોશિયાર હતો. ચીકુ સમજી ગયો કે આ પૂરી બહુ ચાલાક છે. એ દોડીને નહીં પકડાય. મારે કોઈ યુક્તિ વિચારવી જ રહી!

ચીકુએ પોતાનું મોં બગાડ્યું અને મોટેથી બોલ્યો, ''છી... છીપ આ તે કેવી ખરાબ પૂરી છે! આ તો આખેઆખી ખરબચડી પૂરી છે! આવી તે કંઈ પૂરી હોતી હશે!''

પોતાના વિશે આવું સાંભળીને ગોળમટોળ પૂરી લાલચોળ થઈ ગઈ. એ તો ઠેકડો મારીને ચીકુની સાવ સામે આવી ગઈ અને બોલી, ''એય ચીકુ! તારી આંખો બગડી ગઈ છે કે શું? જો હું કેટલી ગોળમટોળ અને મસ્ત છું!''

પૂરી પોતાનું ગોળપણું બતાવવા માટે ચીકુના નાકની સામે જઈને 'ભમરડા'ની જેમ ગોળ-ગોળ ફરવા લાગી - 'ઝૂઉઉઉમપ ઝૂઉઉઉમ...!'

ચીકુએ આ જ તકની રાહ જોતો હતો. જેવી પૂરી ગોળ-ગોળ ફરતાં-ફરતાં નજીક આવી કે ચીકુએ હવામાં હાથ લંબાવ્યો અને ફટાક કરીને પૂરીને હવામાં જ પકડી લીધી!



રે વાર્તા!
મનીષ સુથાર

પૂરી તો ડરી ગઈ! એ બોલી, ''અરે રે! આ શું થયું?'' ચીકુ હસ્યો અને બોલ્યો, ''પકડાઈ ગઈ ને! તેણે મોં ખોલ્યું અને ગપપપ... કડચડચ...! કરતાં પૂરીને છેક પેટમાં પહોંચાડી દીધી. પણ આ તો ગોળમટોળ પૂરી! પેટમાં જઈને પણ એ તો ગોળમટોળ ફૂલી અને ચીકુનું પેટ પણ પૂરી જેવું 'ગોળમટોળ' થઈ ગયું! ■

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

### જીતુ વાઘાણીની અધ્યક્ષતામાં ઉર્જામંત્રી કૌશિક વેકરીયાની ઉપસ્થિતિમાં

# અમરેલી જિલ્લા સેવા સદન ખાતે વર્ચ્યુઅલ સમીક્ષા બેઠક યોજાઈ

અમરેલી,તા.૦૭

અમરેલી જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી પડેલા ભારે વરસાદ બાદ સર્જાયેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા પ્રભારી અને કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં વર્ચ્યુઅલ સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્યો જે.વી. કાકડિયા, હિરાભાઈ સોલંકી, મહેશભાઈ કસવાલા, જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડીયા, જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ સહિત જિલ્લાના વિવિધ અધિકારીઓ અને પદાધિકારીઓ જોડાયા હતા. બેઠક દરમિયાન જિલ્લામાં ચાલી રહેલી બચાવ કામગીરી, રોડની સ્થિતિ, વીજ પુરવઠો અને ડેમોની સ્થિતિ અંગે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લામાં ધારી, ચલાલા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, સાવરકુંડલા અને લીલીયા વિસ્તારમાં સૌથી વધુ વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદને કારણે અનેક ગામોમાં પાણી ભરાઈ જતા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. લીલીયા તાલુકાના બવાડી ગામમાંથી આઠ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. ધારીના મીઠાપુર, ડુંગરી, ચલાલા તેમજ કથીવદર વિસ્તારમાં ફસાયેલા લોકોનું પણ રેસ્ક્યુ કરીને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. એનડીઆરએફ અને ફાયર વિભાગની ટીમો સતત મેદાનમાં



કામગીરી કરી રહી છે. જિલ્લામાં અત્યાર સુધી બે માનવમૃત્યુ અને ચાર પશુના મોત નોંધાયા છે જ્યારે બાર કાચા મકાનોને નુકસાન પહોંચ્યું હોવાનું પણ બેઠકમાં જણાવાયું હતું.ભારે વરસાદના કારણે અનેક રસ્તાઓ પર પાણી ફરી વળતા વાહન વ્યવહાર ખોરવાયો હતો. હાલમાં કાતર કોટડી અગરિયા રોડ, ચાંચ-ખેરા-પટવા-સમઢિયાળા રોડ, ચલાલા-ગરમલી-ચરખા રોડ, બાબરા-દરેડ-નાની કુંડળ રોડ, સેલના ફિફાદ-લુવારા-શેત્રુંજી બ્રિજ અને લાઠી-લીલીયા રોડ સહિત કુલ છ રસ્તા હજુ બંધ છે. નુકસાન પામેલા રસ્તાઓને ઝડપથી પૂર્વવત કરવા માટે દસ ટીમો સતત કામગીરી કરી રહી છે.જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે લોકોને ઓછામાં ઓછી મુશ્કેલી પડે તે રીતે તમામ વિભાગો સંકલન સાથે કામગીરી કરે અને માર્ગોની મરામત ઝડપથી પૂર્ણ કરવામાં આવે. કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે રાજુલા અને જાફરાબાદ સહિત જ્યાં વીજપોલ ધરાશાયી થયા છે ત્યાં વીજ પુરવઠો વહેલી તકે પૂર્વવત કરવામાં આવશે.જિલ્લાના વિવિધ ડેમોમાં વરસાદના કારણે પાણીની આવકમાં વધારો નોંધાયો છે. ધાતરવડી-૧, ખોડિયાર-૨, ઠેબી, રાયડી, સુરજવડી અને ધાતરવડી-૨ ડેમમાં નિયંત્રણ મુજબ દરવાજા ખોલવામાં આવ્યા છે અને અસરગ્રસ્ત ગામોને અગાઉથી એલર્ટ કરવામાં આવ્યા છે. તમામ ડેમ પર ચોવીસ કલાક દેખરેખ રાખવામાં આવી રહી છે અને હાલ તમામ ડેમ સલામત હોવાનું વહીવટી તંત્રએ જણાવ્યું છે. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ વડા, માર્ગ અને મકાન વિભાગ, ખેતીવાડી વિભાગ, શિક્ષણ વિભાગ સહિત જિલ્લાના તમામ અધિકારીઓએ વર્ચ્યુઅલ રીતે જોડાઈને વરસાદી પરિસ્થિતિ અંગે માહિતી આપી હતી.

## સીરિયામાં ફ્રેન્ચ રાષ્ટ્રપતિ મેક્રોનની મુલાકાત વચ્ચે હોટેલ નજીક જોરદાર બોમ્બ વિસ્ફોટ

સીરિયા,તા.૦૭

ફ્રેન્ચ રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનની સીરિયા મુલાકાત દરમિયાન પાટનગર દમાસ્કસમાં 'ફોર સીઝન્સ હોટેલ' નજીક બે પ્રચંડ બોમ્બ વિસ્ફોટ થયા હતા. આ જ હોટેલમાં મેક્રોન રોકાયા હોવાથી સુરક્ષા વ્યવસ્થા સામે મોટા સવાલો ઉઠ્યા છે. વિસ્ફોટ સમયે તેઓ સીરિયન રાષ્ટ્રપતિ અહેમદ અલ-શારાને મળવા માટે મહેલમાં પ્રવેશ કરી રહ્યા હતા. ફ્રાન્સ સરકારના સત્તાવાર નિવેદન મુજબ મેક્રોન સંપૂર્ણ સુરક્ષિત છે. હુમલામાં થયેલી જાનહાનિની ચોક્કસ વિગતો હજુ સામે આવી નથી અને કોઈ આતંકી જૂથે તેની જવાબદારી સ્વીકારી નથી. ૧૪ વર્ષના લાંબા યુધ્ધ પછી દેશના પુનઃનિર્માણ માટે રોકાણ આકર્ષવા મેક્રોન આર્થિક પ્રતિનિધિમંડળ સાથે સીરિયા આવ્યા છે. થોડા દિવસો પહેલા જ જસ્ટિસ પેલેસ નજીકના કાફેમાં પણ વિસ્ફોટ થયો હતો, જેમાં ૧૦ લોકોના મોત થયા હતા.

## જામનગરમાં ટાઉનહોલ નજીકથી રાજસ્થાનનો શખ્સ રૂ. ૨૧.૯૫ લાખના ડ્રગ્સ સાથે ઝડપાયો

જામનગર,તા.૦૭

જામનગરમાં નશાના કારોબારને નાબૂદ કરવા એક્શન મોડમાં આવેલી એસ.ઓ.જી. (SOG) ટીમે ટાઉનહોલ સર્કલ નજીકથી ૨૧.૯૫ લાખની કિંમતના પ્રતિબંધિત ડ્રગ્સ સાથે રાજસ્થાનના નરશિરામ કુપારામ લુણા રબારી નામના શખ્સને ઝડપી લીધો છે. ડીવાયએસપી



પીયૂષ વાંદા અને પીઆઈ વી.બી. ચૌધરીની રાહબરી હેઠળ ટીમે વોચ ગોઠવી આરોપી પાસેથી ૧૪૨ ગ્રામ નશાકારક પદાર્થ (જેમાં ૧૨૩ ગ્રામ મેફેડ્રોન, કિંમત રૂ. ૧૨.૩૦ લાખ) તેમજ બે મોબાઈલ અને ઈલેક્ટ્રોનિક વજન કાંટો મળી કુલ રૂ. ૨૧,૯૫,૫૦૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ કેમિકલયુક્ત ડ્રગ્સ રાજસ્થાનથી લાવવામાં આવ્યું હતું. હાલ પોલીસ આ ડ્રગ્સ નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે સપ્લાયર અને સ્થાનિક ગ્રાહકોની કડીઓ મેળવવા સઘન પૂછપરછ ચલાવી રહી છે.

## ગુજરાતમાં સિંગતેલના ડબ્બે રૂ.૫૦ વધ્યા, કપાસિયા તેલમાં પણ થયો વધારો

અમદાવાદ,તા.૦૭

ગુજરાતમાં સામાન્ય પરિવારોના માસિક બજેટ પર ફરી આર્થિક ભાર વધ્યો છે. ખાદ્ય તેલના ભાવોમાં સતત તેજી જોવા મળી રહી છે, જેમાં છેલ્લા ત્રણ દિવસમાં સિંગતેલના ૧૫ કિલોના ડબ્બાના ભાવમાં રૂ.૫૦ અને કપાસિયા તેલના ડબ્બામાં રૂ.૨૦નો મોટો ઉછાળો આવ્યો છે. બજારના વેપારીઓના મતે, કાચા માલની અછત, પરિવહન ખર્ચ અને બજારમાં પુરવઠાની અનિશ્ચિતતા જેવા પરિબળો આ ભાવ વધારા માટે જવાબદાર છે. તહેવારોની સિઝન પહેલાં જ દૈનિક વપરાશની આવશ્યક ચીજવસ્તુઓના ભાવ વધતાં મધ્યમવર્ગીય પરિવારો અને ગૃહિણીઓમાં ચિંતાનો માહોલ છે. સતત વધી રહેલા ભાવોને કારણે ઘરખર્ચનું આયોજન ખોરવાયું છે અને નાના વેપારીઓ પર પણ તેની માઠી અસર પડી રહી છે.

## કોડીનારના બોડવા નજીક મહિલાને છરી બતાવી લૂંટ ચલાવનાર લૂંટારુ ગણતરીના કલાકોમાં ઝડપાયો

કોડીનાર,તા.૦૭

કોડીનાર તાલુકાના બોડવા ગામ નજીક એક હચમચાવી દે તેવી લૂંટની ઘટના સામે આવી હતી, જ્યાં એક મહિલાને અજાણી કારમાં છરીના નાળચે લૂંટીને ચાલુ ગાડીએ નીચે ફેંકી દેવામાં આવ્યા હતા. જોકે, આ ગંભીર ઘટના બન્યાની ગણતરીના કલાકોમાં જ કોડીનાર પોલીસ અને સ્થાનિક જાગૃત નાગરિકોની સતર્કતાથી આરોપીને ઝડપી પાડીને કાયદાના સકંજામાં લઈ લેવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ આલીદર ગામના ઉજીબેન વૈંશ વિઠલપુરથી પોતાના ગામ આવવા એક અજાણી ઈકો ગાડીમાં બેઠા હતા.



તસવીર : ધર્મેશ પાઠક

રસ્તામાં બોડવા ગામ પાસે અજાણ્યા શખ્સે મહિલાને છરી બતાવી, ડરાવીને કાનના સોનાના દાગીનાની લૂંટ ચલાવી હતી. લૂંટારુએ તેમને શારીરિક ઈજા પહોંચાડી ચાલુ ગાડીએ નીચે ઉતારી દીધા અને ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ કોડીનાર પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. સ્થાનિક આગેવાનો શિવાભાઈ સોલંકી અને દિનુભાઈ સોલંકીના સતત સહકાર તથા CCTV ફૂટેજની મદદથી પોલીસે રાતભર સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું. પરિણામે, પોલીસે બીજા જ દિવસે વહેલી સવારે ઘાંટવડ વિસ્તારમાંથી આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## રાજકોટમાં ખેડૂતોને બાયોલોજીક ખેતી અંગે માર્ગદર્શન અપાયું

અમરેલી,તા.૦૭

રાજકોટ ખાતે ૪ જુલાઈના રોજ મિશન સંજીવ ખેતી અંતર્ગત ખેડૂતોને બાયોલોજીક ખેતી અંગે માહિતગાર કરવા માટે "માય ફિશફા ફેક્ટરી"ની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સીએમઓ પ્રયાગરાજ સોરઠીયાએ ખેડૂતોને બાયોલોજીક



ઉત્પાદનો કેવી રીતે કાર્ય કરે છે અને તેના ઉપયોગથી ખેતીમાં થતા લાભ અંગે વિગતવાર માહિતી આપી હતી. કાર્યક્રમમાં ખેડૂત આગેવાન સંદીપ ધાનાણી, જયંતીભાઈ વઘાસિયા, ભુપતભાઈ સાવલિયા, મધુભાઈ વઘાસિયા અને અન્ય ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. મુલાકાત દરમિયાન ખેડૂતોને આધુનિક ખેતી પધ્ધતિ, જૈવિક ઉત્પાદનોના ઉપયોગ અને પાકની ગુણવત્તા વધારવા અંગે ઉપયોગી માર્ગદર્શન મળતાં ખેડૂતોએ સંતોષ વ્યક્ત કર્યો હતો.

## રાજકોટમાં તળપદા કોળી સમાજનો પમો ઉચ્ચ શૈક્ષણિક વેવિશાળ પરિચય સમારંભ યોજાયો

રાજકોટ,તા.૦૭

મહિલા તળપદા કોળી સેવા સમાજ અમરેલી દ્વારા રાજકોટ ખાતે ગુરૂનાનક રેલ્વે જંકશન સામે તળપદા કોળી સમાજના ઉચ્ચ અભ્યાસ કરતા યુવક-યુવતીઓ માટે પાંચમો વેવિશાળ પરિચય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે મહંત વાલજીભગત ઠાકરધણી અને પ્રમુખ ભુપતભાઈ એમ. ડાભીએ ઉપસ્થિત રહી આશીર્વાદ આપ્યા હતા. કાર્યક્રમનું ઉદઘાટન અર્જુનભાઈ જાંબુચા સહિતના અગ્રણીઓના હસ્તે કરવામાં આવ્યું હતું.આ પરિચય મેળામાં કુલ ૩૧૮ યુવક-યુવતીઓએ



ભાગ લઈ પોતાના વાલીઓ સાથે મંચ પર પરિચય આપ્યો હતો. સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ આરતીબેન આર. ગોહીલ, મનોજભાઈ ડાભી, પરશોતમભાઈ મકવાણા સહિતના મંડળના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## ધોરાજીમાં બિનઆયોજિત વિકાસ, પ્રજાના ટેક્સના પૈસા પાણીમાં?

ધોરાજી,તા.૦૭

ધોરાજી નગરપાલિકાના જમનાવાડ રોડ પર આવેલા હાઉસિંગ બોર્ડ વિસ્તારમાં તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. થોડા દિવસો પહેલા જ લાખોના ખર્ચે નાખવામાં આવેલા નવા પેવર બ્લોકને જેસીબી મશીન વડે ઉખાડી નાખવામાં આવતા ભારે વિવાદ સર્જાયો છે. તાજેતરમાં પડેલા વરસાદને કારણે આ વિસ્તારના ઘરોમાં પાણી ભરાઈ ગયા હતા, જેના નિકાલ માટે રસ્તો બનાવવા તંત્રએ આ પગલું ભરવું પડ્યું હતું. જો તંત્રએ ડ્રેનેજ કે પાણીના નિકાલનું પૂર્વ આયોજન કર્યું હોત, તો આજે પ્રજાના ટેક્સના નાણાંનો આ રીતે વેડફાટ ન થયો હોત. વિકાસના નામે થતા આવા બિનઆયોજિત કામો અને અધિકારીઓની અણઆવડત સામે સ્થાનિક નાગરિકોમાં ઉગ્ર આક્રોશ છે અને જવાબદારો સામે કડક પગલાં લેવાની માંગ ઉઠી રહી છે.

## દીવમાં મેઘતાંડવ: તોફાની દરિયા વચ્ચે પ્રવાસીઓ માટે તંત્ર એલર્ટ

ઉના,તા.૦૭

સુપ્રસિદ્ધ પ્રવાસન સ્થળ દીવ અને તેની આજુબાજુના વિસ્તારોમાં છેલ્લા બે દિવસથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. આ ભારે વરસાદના કારણે દીવનો દરિયો ભારે તોફાની બન્યો છે અને તેમાં જોરદાર કરંટ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને પૌરાણિક ગંગેશ્વર મહાદેવ મંદિર નજીક કુદરતનું રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યું



છે, જ્યાં દરિયાના કદાવર મોજા સતત કિનારા સાથે ભયજનક રીતે અથડાઈ રહ્યા છે. પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્ર દ્વારા ૩૧ ઓગસ્ટ સુધી બીચ પર ન્હાવા કે દરિયા નજીક જવા પર સખત પ્રતિબંધ લાદવામાં આવ્યો છે અને પોલીસ સતત પેટ્રોલિંગ કરી રહી છે. બીજી તરફ, દીવની પાડોશમાં આવેલા ઉના શહેર અને તેના ગ્રામ્ય પંથકમાં પણ અવિરત વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં સ્થાનિક લોકોનું જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત બન્યું છે.


-:: જાહેર નોટીસ ::-

-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.183/2026
જન્મ તારીખ :01/06/1968

શ્રી મછિયારા સુલેમાનભાઈ સુમારભાઈ,
રહે.મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ..............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત-મુળ દ્વારકા, તા.કોડીનાર કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મછિયારા સુલેમાનભાઈ સુમારભાઈ, રહે.મુળ દ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી અલ્લારખા મહમદભાઈ શેખ તથા મરીયમબેન અલ્લારખા શેખ ના પુત્રી જેબુનબેન અલ્લારખાભાઈ શેખનો જન્મ તારીખ 01/06/1968ના રોજ કોડીનાર તાલુકાના મુળ દ્વારકા મુકામે થયેલ છે. જે અન્વયે આ કામના સામાવાળાએ આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવ સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.11/06/2026નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર


## મધ્યપ્રદેશના મૈહર જિલ્લામાં ટ્રક પાછળ કાર ઘુસી જતા એક જ પરિવારના પાંચ સભ્યોના મોત

ભોપાલ, તા. ૭

મધ્યપ્રદેશના મૈહર જિલ્લામાં નેશનલ હાઈવે-૩૦ પર રિગરા ગામ નજીક વહેલી રાત્રે ૧ વાગ્યે એક દર્દનાક માર્ગ અકસ્માત સર્જાયો હતો. જન્મદિવસની પાર્ટીમાંથી એસયુવી (SUV) કારમાં પરત ફરી રહેલા એક જ પરિવારના સભ્યોની કારે આગળ ચાલતા ટ્રકને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ ગંભીર




અકસ્માતમાં કાર સવાર ૫ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો છે.પોલીસના જણાવ્યા અનુસાર, મૃતકોની ઓળખ અંકુર પટેલ, મૃદુલ પટેલ, વિજય પટેલ, હરિશંકર પટેલ અને શિવા પટેલ તરીકે થઈ છે, જેઓ સ્થાનિક કોંગ્રેસ નેતા મનીષ પટેલના સંબંધીઓ હતા. ઘાયલ વ્યક્તિને વધુ સારવાર માટે સતના જિલ્લા હોસ્પિટલમાં ખસેડાયો છે. NCRBના ડેટા અનુસાર, મધ્યપ્રદેશ દેશમાં માર્ગ અકસ્માતો અને તેનાથી થતા મૃત્યુની દ્રષ્ટિએ અગ્રેસર અને સૌથી વધુ અસરગ્રસ્ત રાજ્યોમાંનું એક છે.


-:: જાહેર નોટીસ ::-

-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.28/2026
જન્મ તારીખ :07/01/2021

માલવિયા નથુભાઈ સુલેમાનભાઈ,
રહે.કોડીનાર, ગામ-કોડીનાર,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
એસ વાય સેલોત, કોડીનાર.

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર
નગરપાલિકા, કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી માલવિયા નથુભાઈ સુલેમાનભાઈ, રહે.કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડિનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના માતા સ્વ.રાબીયાબેન સુલેમાનભાઈ માલવિયાનું મરણ તારીખઃ 07/01/2021ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર ગામ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૨/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

સાંસદ ભરત સુતરીયા તથા ધારાસભ્ય જનક તળાવિયાએ સ્થળ પર પરિસ્થિતનો તાગ મેળવ્યો

# લાઠી પંથકમાં ભારે વરસાદથી કાચા મકાનો ધરાશાયી, ખેડૂતોને નુકસાન







અમરેલી,તા.૦૭

અમરેલી જિલ્લામાં ભારે વરસાદ બાદ અનેક વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. લાઠી તાલુકાના શેખ પીપરીયા ગામે સોમવારની રાત્રે અંદાજે ૧૫ ઈંચ જેટલો વરસાદ વરસતા ભારે નુકસાન થયાના સમાચાર મળી રહ્યા છે.

ચાવંડ, હરસૂરપુર, દેવળિયા સહિતના ગામોમાં પણ જાણે આભ ફાટ્યું હોય તેવો વરસાદ ખાબક્યો હતો. ભારે વરસાદના કારણે નદી નાળા છલકાઈ ગયા હતા અને પૂરના પાણી ગામમાં ઘૂસી જતા અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ બન્યા હતા. ખેતરોમાં મોટા પ્રમાણમાં ધોવાણ થતા ખેડૂતોને નુકસાન પહોંચ્યું હોવાનું સામે આવ્યું છે. અનેક લોકોના મકાનોમાં પાણી ઘૂસી જતા ઘરવખરીને પણ નુકસાન થયું છે. કેટલાક કાચા મકાનોને નુકસાન પહોંચ્યાની માહિતી મળી રહી છે. ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતા. લાઠીના શેખ પીપરીયા ગામે ભારે વરસાદથી નુકસાન થયુ હોવાના સમાચાર મળતા જ સાંસદ ભરત સુતરીયા તથા ધારાસભ્ય જનક તળાવિયા પણ સ્થળ પર દોડી ગયા હતા અને અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. તંત્ર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે અને નુકસાનીનો સર્વે હાથ ધરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

## વડોદરાના માંજલપુર પેટાચૂંટણી માટે ભાજપે ઉમેદવાર પસંદગી માટે સેન્સ પ્રક્રિયા શરૂ કરી

(એચ.એસ.એલ), વડોદરા, તા. ૭

વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા તેજ કરી છે. ભાજપ હાઈકમાન્ડે પૂર્વ મંત્રી પૂર્ણેશ મોદી, કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપુત અને સીતાબેન નાયકની ત્રણ સભ્યોની નિરીક્ષક પેનલની નિમણૂક કરી છે, જેઓ સ્થાનિક હોદ્દેદારો અને કાર્યકરો પાસેથી સેન્સ (અભિપ્રાય) મેળવી રહ્યા છે. ભાજપના આ મજબૂત ગઢ માટે અનેક સ્થાનિક નેતાઓએ દાવેદારી નોંધાવી છે, જેમાં સ્નેહલ પટેલ, ઘનશ્યામ પટેલ અને જસવંતસિંહ સોલંકી જેવા અગ્રણી નામો સામેલ છે. નિરીક્ષકો આ પ્રક્રિયાનો અહેવાલ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડને મોકલશે અને અંતિમ ઉમેદવાર અંગેનો નિર્ણય કેન્દ્રીય નેતૃત્વ દ્વારા લેવામાં આવશે.

## અમરેલી સહિત સૌરાષ્ટ્રના ૩ જિલ્લામાં મેઘમહેર વચ્ચે સરકાર એલર્ટ : મંત્રી જીતુ વાઘાણીએ યોજી વર્ચ્યુઅલ સમીક્ષા બેઠક

ગાંધીનગર,તા.૦૭



ગુજરાતમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર પંથકમાં જામી રહેલા વરસાદી માહોલને પગલે રાજ્ય સરકાર એલર્ટ મોડમાં આવી ગઈ છે. આપત્તિ વ્યવસ્થાપન અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મંત્રી જીતુ વાઘાણીની અધ્યક્ષતામાં આજે એક મહત્વપૂર્ણ વર્ચ્યુઅલ સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં સૌરાષ્ટ્રના ત્રણ અતિ મહત્વના જિલ્લાઓ ભાવનગર, રાજકોટ અને અમરેલીની પ્રવર્તમાન સ્થિતિની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં ભાવનગરના પ્રભારી મંત્રી કૌશિક વેકરિયા, સ્થાનિક સાંસદો, ધારાસભ્યો, જિલ્લા પંચાયતના પદાધિકારીઓ તેમજ ત્રણેય જિલ્લાના કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓ (DDO) અદ્યતન ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન સાથે જોડાયા હતા. મંત્રીએ કલેક્ટરો પાસેથી જમીની સ્થિતિ, ડેમોમાં પાણીની આવક અને નીચાણવાળા વિસ્તારોમાં સ્થળાંતરની તૈયારીઓનો લાઈવ રિપોર્ટ મેળવ્યો હતો. ઉપરાંત, વીજળી, પાણી અને રસ્તા બ્લોક થવા જેવી સમસ્યાઓના ત્વરિત નિવારણ માટે કંટ્રોલ રૂમને ૨૪ કલાક કાર્યરત રાખવા આદેશ અપાયા છે.


## અમદાવાદમાં ઉછીના આપેલા નાણાં પરત ન મળતાં નવજાત બાળકીનું અપહરણ કરી વેચી દેતા ચકચાર

અમદાવાદ,તા.૦૭

અમદાવાદના વટવા વિસ્તારમાં માત્ર એક મહિનાની માસૂમ બાળકીના અપહરણ અને વેચાણના કેસનો પોલીસે ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી ચાર મહિલાઓની ધરપકડ કરી છે. મુખ્ય આરોપી જાગૃતિબેને ફરિયાદીના પતિને રિક્ષા ખરીદવા આપેલા રૂ.૧ લાખ પરત ન મળતાં, બદલો લેવા બાળકીને રમાડવાના બહાને અપહરણ કર્યું હતું. બાદમાં નહેરૂનગરના આઈવીએફ સેન્ટરની આસિસ્ટન્ટ મંજુલાબેન મારફતે નડિયાદની એક નિઃસંતાન મહિલાને રૂ.૧.૫૦ લાખમાં બાળકી વેચી દીધી હતી. વટવા પીઆઈ અનિલ વછેટાના જણાવ્યા મુજબ, ટેકનિકલ સર્વેલન્સ અને સીસીટીવી ફૂટેજના આધારે બાળકીને હેમખેમ બચાવી માતા-પિતાને સોંપાઈ છે. પોલીસ હવે બાળ ખરીદ-વેચાણના આખા નેટવર્ક અને આઈવીએફ સેન્ટરની ભૂમિકા અંગે ઊંડી તપાસ ચલાવી રહી છે.

## રાજયમાં 'ચાંદીપુરા વાયરસ'નો પ્રકોપ : ગોધરામાં બે બાળકોના મોતથી આરોગ્ય તંત્ર દોડતું થયું

ગોધરા, તા. ૭



પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં ચોમાસાની શરૂઆત સાથે જ ઘાતક 'ચાંદીપુરા વાયરસ'ના શંકાસ્પદ લક્ષણોથી બે માસૂમ બાળકોના મોત નીપજતાં ફફડાટ વ્યાપી ગયો છે. વીંઝોલ અને જીતપુરા ગામના આ બાળકોને તીવ્ર તાવ અને આંચકી આવતાં વડોદરાની SSG હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમણે દમ તોડી દીધો હતો.

આ ઘટના બાદ જિલ્લા આરોગ્ય વિભાગે પ્રભાવિત ગામોમાં જંતુનાશક દવાઓનો છંટકાવ (ફોગિંગ) અને સર્વેલન્સ શરૂ કર્યું છે. તપાસ દરમિયાન વાયરસ ફેલાવતી ૨૬૦ જેટલી 'સેન્ડફ્લાય' માખીઓ મળી આવી છે. આ ઘાતક વાયરસ મુખ્યત્વે બાળકોને અસર કરે છે અને મચ્છર કે માખી કરડવાથી ફેલાય છે. તંત્ર દ્વારા લોકોને બાળકોને આખા બાયના કપડાં પહેરાવવા, ઘરની આસપાસ સ્વચ્છતા રાખવા અને તીવ્ર તાવ કે ઉલ્ટી જેવા લક્ષણો જણાયે તાત્કાલિક હોસ્પિટલ લઈ જવા અપીલ કરાઈ છે.

## સાવરકુંડલા-ગાધકડા વચ્ચે રેલવે ટ્રેક ધોવાતા મહુવા-સુરત એક્સપ્રેસ રદ

### ટ્રેન રદ થતા મુસાફરોને ભારે હાલાકી

સાવરકુંઢલા,તા.૦૭




સાવરકુંડલા અને લીલીયા પંથકમાં ભારે વરસાદ અને પૂરના પાણીના કારણે સાવરકુંડલા અને ગાધકડા વચ્ચે રેલવે ટ્રેકનું ધોવાણ થતા રેલવે વ્યવહાર ખોરવાયો હતો. મહુવાથી સવારે નીકળેલી મહુવા-સુરત એક્સપ્રેસ રાજુલા બાદ ગાધકડા સ્ટેશન ખાતે લાંબા સમય સુધી ઉભી રાખવામાં આવી હતી. ટ્રેક પર ગારો અને વરસાદી ઓવાળ ભરાઈ જતા ટ્રેન આગળ જઈ શકી ન હતી. ત્યારબાદ ટ્રેનને સાવરકુંડલા લાવી રદ કરવાની જાહેરાત કરાઈ હતી. ટ્રેન રદ થતા મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી હતી અને રેલવે વિભાગે ટિકિટના રૂપિયા પરત આપ્યા હતા. બીજી તરફ ધોળા-મહુવા પેસેન્જર ટ્રેનને પણ સાવરકુંડલા સ્ટેશન ખાતે આશરે ચાર કલાક સુધી રોકી રાખવામાં આવી હતી.

## સુરતના રાંદેરમાં વીજશોક લાગતા બે મિત્રોના કરૂણ મોત

સુરત,તા.૦૭



સુરત શહેરના રાંદેર વિસ્તારમાં મંગળવારે સાંજે ભારે વરસાદ બાદ કરુણ ઘટના બની હતી. રાંદેરગામમાં વરસાદમાં નાહ્યા બાદ એક યુવક લોખંડની સીડીના સંપર્કમાં આવતા તેને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો. યુવકને તડફડતો જોઈ તેનો મિત્ર અને પાડોશી બચાવવા દોડી આવ્યો હતો, પરંતુ તેને પણ કરંટ આંબી ગયો હતો. સ્થાનિકોએ બંનેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યા હતા, પરંતુ હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ બંનેના મોત થયા હતા. ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકનું વાતાવરણ છવાઈ ગયું છે. મૃતક યુવકની પત્નીના હૈયાફાટ રુદને પરિવારજનો અને સ્થાનિકોની આંખો ભીની કરી દીધી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ પણ સ્થળ પર પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## રાજકોટમાં સાડા ચાર વર્ષના માસૂમ બાળકને ટ્યુશન શિક્ષિકાએ તાવેથાથી ડામ આપ્યા

રાજકોટ, તા.૦૭



રાજકોટના રેલનગર વિસ્તારમાં ટ્યુશનમાં લખતો ન હોવાના બહાને શિક્ષિકા નિરાલીએ સાડા ચાર વર્ષના માસૂમ બાળકને ક્રૂરતાપૂર્વક તાવેથાથી ડામ આપ્યા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. બાળકના પરિવારે આ મામલે પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. વિદ્યાર્થી નેતા રોહિત રાજપૂતે આ અમાનવીય કૃત્યને વખોડી કાઢી બાળ આયોગ પાસે સત્વરે તપાસ અને બિનરજિસ્ટર્ડ ટ્યુશન ક્લાસ સામે કડક કાર્યવાહીની માંગ કરી છે.

## અમદાવાદની યુએન હોસ્પિટલની ડ્રેનેજ લાઈનમાં ત્રણ યુવકો પડ્યા, એકનું મોત

અમદાવાદ,તા.૦૭



અમદાવાદના અસારવા વિસ્તારમાં આવેલી યુ.એન. મહેતા હોસ્પિટલમાં ડ્રેનેજ લાઇનમાં ત્રણ યુવકો પડી જતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને બચાવ કામગીરી હાથ ધરી ત્રણેય યુવકોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. ત્રણેયને ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઘટનાને લઈને શરૂઆતમાં સ્થાનિકોએ કોન્ટ્રાક્ટ પર કામ કરતા એક યુવકનું સારવાર દરમિયાન મોત થયાનો આક્ષેપ કર્યો હતો. ત્યારબાદ યુ.એન. મહેતા હોસ્પિટલના આરએમઓ દુષ્યંત ભટ્ટે એક યુવકના મોતની સત્તાવાર પુષ્ટિ કરી હતી. બાકીના બે યુવકોની સારવાર ચાલી રહી છે. ઘટનાને લઈને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## સુરતમાં ૧૦ ઈંચ વરસાદથી જનજીવન ખોરવાયુ, અનેક વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ

સુરત,તા.૦૭



સુરત શહેરમાં ગઈકાલથી શરૂ થયેલો અવિરત ભારે વરસાદ આજે પણ યથાવત રહ્યો છે. છેલ્લા ૮ કલાકમાં ૧૦ ઈંચ વરસાદ વરસતા શહેરના અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે અને જનજીવન પર ભારે અસર પડી છે. સિટી, BRTS અને એસટી બસ વ્યવહાર ઠપ્પ થઈ ગયો છે. સરથાણા, જકાતનાકા, લાલદરવાજા અને પટેલ વાડી વિસ્તારમાં કમરસમા તેમજ ઘૂંટણસમા પાણી ભરાતા પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. પાંડેસરાના શિવમ નગર, કૃષ્ણનગર અને પ્રેમ નગરમાં પણ પાણી ભરાતા લોકો મુશ્કેલીમાં મુકાયા છે. ફાયર વિભાગે તાત્કાલિક રેસ્ક્યૂ કામગીરી શરૂ કરી ફસાયેલા લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા છે. અસરગ્રસ્ત પરિવારોને નજીક આવેલી ઓડીસા પ્રાથમિક શાળામાં ખસેડી રહેવા અને જમવાની વ્યવસ્થા કરવામાં આવી છે. સ્થાનિક તંત્રએ લોકોને બિનજરૂરી બહાર ન નીકળવા અપીલ કરી છે.

## અમરનાથ યાત્રામાં જામનગરના શ્રધ્ધાળુનું હાર્ટ એટેકથી થયું નિધન

જામનગર, તા. ૭



જામનગરના ૬૧ વર્ષીય પ્રવીણભાઈ પરમારનું અમરનાથ યાત્રા દરમિયાન પવિત્ર ગુફાથી માત્ર ૩-૪ કિલોમીટર દૂર કાલી માતા મંદિર પાસે હાર્ટ એટેક આવતા નિધન થયું છે.

તેઓ ૩૦ જૂનના રોજ જામનગરથી બાબા બર્ફાનીના દર્શને નીકળ્યા હતા. મેડિકલ કેમ્પમાં પ્રાથમિક સારવાર છતાં તેમનો જીવ બચાવી શકાયો નહોતો. તેમનો પાર્થિવ દેહ હવાઈ માર્ગે વડોદરા અને ત્યાંથી એમ્બ્યુલન્સ દ્વારા જામનગર લાવવામાં આવ્યો છે.

